SATYASHODHAK SABHA, SURAT

# સત્યાન્વેષણ

૧૫, ફેબ્રુઆરી

Vol. 6 No. 2

## આપણા રમણભ્રમણ સુવર્ણચંદ્રકથી પુરસ્કૃત થનાર શ્રી ઉત્તમ પરમાર



નેટ પર તમને ચોક્કસ વાંચવા મળશે :

www.satyanveshan.com પર જાઓ.

## વીજ્ઞાન અને અલૌકીક ઘટનાઓ (સાતમી આવૃત્તી)

સત્યશોધક સભાના કેટલાંક પ્રકાશનો ચીરંજીવી છે. રેશનાલીસ્ટ થવા માંગતા અને રેશનાલીસ્ટો માટે આ પ્રકાશનો સાચા પથદર્શક પુરવાર થયા છે. આથી ઉત્સુકો એ વાંચવા માટે આગ્રહ રાખતા હોય છે. એવા પ્રકાશનોમાં એક છે, ડૉ. બી. એ. પરીખ લીખીત 'વીજ્ઞાન અને અલૌકીક ઘટનાઓ' પુસ્તક ! આ પુસ્તકની સાતમી આવૃત્તી પ્રસીદ્ધથઈ છે. આ આવૃત્તીના મુદ્રણ વેળા ડૉ. પરીખે એમાં ઉંડો રસ લઈ એના લખાણ સાથે લખાણ રસપુર્વક સમજી શકાય તે માટે અનેક ચીત્રો મુકાવ્યા છે. આમ હવે આ પુસ્તક સચીત્ર બન્યું છે. બીજા પણ થોડાક સુધારા કરવામાં આવ્યા છે. એની પચાસ રૂપીયા કીંમત રાખવામાં આવી છે. આ અંકના છેલ્લા ટાઈટલ પર એ પુસ્તકનું મુખપૃષ્ઠ પ્રસીદ્ધ કરવામાં આવ્યું છે. ઉત્સુકોને તે મેળવવા માટે સત્યશોધક સભા C/o. **શ્રી શં. ફ. અગ્રવાલ ટ્રસ્ટ, ૮/૧૩૦૮, રંગીલદાસ મહેતાની શેરી, ગોપીપુરા, સુરત-૩૯૫ ૦૦૧ પર મ. ઓ કરવા વીનંતી.**

## પાંચ દીવસીય ગોષ્ઠી

સત્યશોધક સભા અને સાહીત્ય સંગમના સંયુકત ઉપક્રમે દર વર્ષની જેમ નીચે પ્રમાણે પાંચ દીવસીય ગોષ્ઠીનો અને અન્ય કાર્યક્રમો યોજવામાં આવ્યા છે. હાજર રહેવા વીનંતી.

| તારીખ | વીષય |
|---|---|
| ૨૪ મી | સંત ભકતી અને લોકમાનસ |
| ૨૫ મી | મુગ્ધાવસ્થા અને સેકસ |
| ૨૬ મી | માન્યતાઓ, હકીકતો અને વીજ્ઞાન |
| ૨૭ મી | ડૉ. બી. એ. પરીખના 'અધ્યાત્મકવાદ વીશે વૈજ્ઞાનીક સમજ' પુસ્તકનું લોકાર્પણ |
| ૨૮ મી | શ્રી ઉત્તમ પરમારને 'રમણભ્રમણ સુવર્ણચંદ્રક' થી પુરસ્કૃત કરવાનો કાર્યક્રમ (વૈશ્વીક વીજ્ઞાન દીન) |

# સત્યાન્વેષણ

મુખ્ય સંપાદક

શ્રી સુર્યકાન્ત શાહ

સંપાદક મંડળ

ડૉ. બી. એ. પરીખ
શ્રી પ્રેમ સુમેસરા

શ્રી સીદ્ધાર્થ દેગામી

શ્રી દીલીપ નેમલાવાલા
શ્રી મનસુખ નારીઆ

૧૫ ફેબ્રુઆરી, ૨૦૧૪ | સળંગ અંક : ૨૬૯ | **Vol. 6 No. 2**

('સત્યાન્વેષણ' ઉંઝા જોડણીમાં તૈયાર થાય છે, સીવાય કે લેખકની તે માટે અનીચ્છા હોય.)


## રમણભ્રમણ સુવર્ણચંદ્રકશ્રી પુરસ્કૃત થનાર
## શ્રી ઉત્તમ પરમાર

**જન્મ : ૧૪–૧૦–૫૫**

સત્યશોધક સભાની કારોબારીએ સર્વાનુમતે ઠરાવ્યું છે કે પ્રખર રેશનાલીસ્ટ ઉત્તમભાઈ પરમારને રમણભ્રમણ સુવર્ણચંદ્રકથી આભુષીત કરવા ઉત્તમભાઈનો ઉછેર જ નીરપેક્ષ માનવસંબંધો વચ્ચે થયો. તેથી તેઓ રેશનાલીસ્ટ બને એમાં નવાઈ નથી. એ બન્યા જ ! એમના ઘડતરમાં એમની શાળાના શીક્ષીકા હંસા મહીડા અને આચાર્ય પ્રતાપસીંહ ગોહીલનો કોલેજના પ્રાધ્યાપક ડૉ. રુસ્તમ રાવનો મોટો ફાળો હતો. આ કારકીર્દીથી શરુઆતમાં એમણે ધંધો એવી રીતે કર્યો કે વર્ષોવર્ષ ખોટ જ આવે ! એમાંથી મુકત થઈ એમણે કીમ એજયુકેશન સોસાયટીના મેનેજીંગ ટ્રસ્ટી થવાનું સ્વીકાર્યુ. આ સોસાયટીની એકાધીક સંસ્થાઓ દ્વારા તેઓશ્રી રેશનાલીઝમના સંસ્કાર વીદ્યાર્થીઓમાં સીંચાય તેમાટે અથાક મહેનત કરે છે. પરીણામે અત્યારે તો કીમ રેશનાલીઝમની પ્રવૃત્તીઓનું કેન્દ્ર બન્યું છે. આ સંસ્થાઓ દ્વારા એમણે રેશનાલીઝમને પોષક અનેક કાર્યક્રમો કર્યા છે. સત્યશોધક સભા અને ગુજરાતની એવી અન્ય સંસ્થાઓમાં તેઓ ખુબ સક્રીય છે. જેમના નામે ઉત્તમભાઈને પુરસ્કૃત તા. ૨૮–૨–૧૪ ના રોજ સાંજે ૬.૦૦ કલાકે નાનુભાઈ નાયક મધ્યભવન સાહીત્ય સંગમ, કાજીનું મેદાન, ગોપીપુરામાં કરવામાં આવનાર છે તે રમણ પાઠકને તેઓ રેશનાલીઝમ માટે માર્ગદર્શક ગણે છે.

# પુસ્તકાવલોકન

–સુર્યકાન્ત શાહ

નામ : ધરમકાંટો                                        કીંમત : રૂા. ૧૮૦/–
લેખક : શ્રી દીનેશ પાંચાલ                              પૃષ્ઠ : ૧૫૨ +૧૬ = ૧૬૮
પ્રકાશક : ગુર્જર ગ્રંથરત્ન કાર્યાલય, અમદાવાદ

શ્રી દીનેશ પાંચાલ આપણા એક મોટા ગજાના લેખક છે. એમને રેશનાલીઝમનું ખાસ્સુ આકર્ષણ છે, પણ એને આલીંગન આપતા તેઓ અચકાય છે. 'ધરમકાંટો'માં એમણે રેશનાલીઝમની નજીક સરકવાનું રાખ્યું છે, પણ અપનાવવાનું રાખ્યું નથી. આ પુસ્તકમાં એમના ૩૪ નીબંધો છે. એ નીબંધો જુદા જુદા અખબારોમાં પ્રસીદ્ધ થયા હતા. આ પુસ્તક એ નીબંધોનો સંગ્રહ છે. ઉશનસે 'આવકાર'માં આથી જ લખ્યું છે કે 'રમણ પાઠક' પુરો નાસ્તીક જીવ છે, જો કે દીનેશભાઈ એ હદ સુધી નાસ્તીક નથી લાગતા.' એમના પોતાના નીવેદનમાં પણ પાંચાલે સ્વીકાર્યું છે કે એમણે પ્રત્યેક પાને રેશનાલીઝમનો રાગ આલાપ્યો નથી.

પાંચાલના લેખનની એક લાક્ષણીકતા એ છે કે તેઓ પોતાના મુદ્દાને સમજાવવા અનેક ઉપમાઓનો ઉપયોગ કરે છે. અખબારોમાં લખવાનું છે એટલે લાઘવતા એમના લખાણની બીજી લાક્ષણીકતા છે.

તેઓશ્રી કેટલીકવાર ક્રાંતીકારી વીધાનો કરી દેતા હોય છે : લગ્નેતર સંબંધો વીશે લખતા : 'ઘણાના જીવનમાં લગ્નેતર સંબંધો (દરદી માટે ઓકસીજનના બાટલા જેટલા) જરુરી થઈ પડે છે.' ગાંધીજીએ સ્વહસ્તે દારૂ પાયો અંગે લખતા : ધર્મને નામે ચાલતા અધર્મમાં માણસની અબૌદ્ધીકતા અને ઝનુન જામે ત્યારે દુનીયામાં મુર્ખ લોકોનું એક લશ્કર તૈયાર થાય અને ઓસામા બીન–લાદેન એ લશ્કરનો સેનાપતી બની જાય.'

જુઓ, પાંચાલ રેશનાલીઝમની કેટલી નજીક આવીને તેનાથી દુર થઈ જાય છે. 'ગીતા પઢો યા કુરાન'માં લખતા તેઓ એક નાસ્તીકને શોભે એવું વીધાન કરી બેસે છે. 'જે દીવસે ઈશ્વરની આરતી કરવાથી એઈડ્સ સાજો થઈ શકશે તે દીવસે નાસ્તીક લોકો પણ કાનની બુટ ઝાલીને શ્રદ્ધાળુ બની જશે.' ! આટલું વીધાન કરીને તેઓ અટકયા નહીં અને આ નીબંધના અંતે બીજું વીધાન કરી બેઠા, 'આપણી કમનસીબી એ છે કે આપણે હીન્દુ કે મુસ્લીમને મરતા જોઈએ છીએ પણ ઈશ્વર કે અલ્લાના આઘાતને જોઈ શકતા નથી.' પાંચાલ આટલા બધા ના–આસ્તીક થઈ ગયા જ છે તો હવે એક ડગલું આગળ ભરીને પુરા નાસ્તીક થઈ જાય અને એવું જાહેર કરે કે ઈશ્વર કે અલ્લાને આઘાત થતો જ નથી, કારણ કે તેનું અસ્તીત્વ જ નથી ! સત્યશોધક સભા તરફથી એમને શુભેચ્છા કે તે પુરા નાસ્તીક થઈ જાય. એમની શકતીશાળી લેખીની મારફતે એમના વાચકોને જીવનમાં મહત્તમ નીર્દોષ આનંદ માણવાની દીશામાં દોરી જાય !

# ...રે વીજ્ઞાન શીક્ષણ !

**–તંત્રીલેખ**

તાજેતરમાં જ વીજ્ઞાન શીક્ષકો સાથે વાર્તાલાપમાં જોડાવાનું બનતા દેશમાં વીજ્ઞાન શીક્ષણની અવદશાનો સીધો ખ્યાલ આવ્યો. 'પુષ્પક વીમાન હતું. રન–વેના પુરાવા મળ્યા છે. વાસ્તુશાસ્ત્ર વીજ્ઞાન છે. જયોતીષમાં ખરું પડે છે, આવું બધા માને છે.– 'આવું સાંભળ્યું છે.' આ અને આવી માનસીકતા વીજ્ઞાનના શીક્ષકોના મુખેથી સાંભળીને ભારે હતાશા થઈ. આ શીક્ષકોને એવાં બાળકો રોજ મળે છે જે આ એકવીસમી સદીના ઉત્તરાર્ધ સુધી સમાજને મહત્ત્વનો ફાળો આપતા રહેશે.

મોટે ભાગે વીજ્ઞાન શીક્ષકો અને લોકોમાં Untested beliefs એટલે કે ચકાસણી વગરની માન્યતાઓ ઢગલાબંધ પડી છે. વીજ્ઞાનના શીક્ષકો માટે સૌથી પહેલું પગથીયું એ છે કે ચકાસણી કરવી, કાર્યકારણનો સંબંધ શોધવો. 'આવું કેમ ? કેવી રીતે ? શા માટે ?' આ સવાલો વીના એક પણ દીવસ વર્ગખંડમાં તે જઈ જ ના શકે ! વળી કેટલાક તો ઉપવાસ કરતા હતા. બાધા પણ રાખતા હતા, માદળીયું પણ રાખતા હતા. બીજી તરફ ગજવામાં સ્માર્ટ ફોન ! ટચ સ્ક્રીન. આખી દુનીયા મુઠ્ઠીમાં ! સ્માર્ટ ફોન ગજવામાં રાખનાર જ્ઞાતી, જાતી, ધર્મ, સંપ્રદાયનો રહેતો નથી એ **વીશ્વ નાગરીક** બની જાય છે. વીજ્ઞાનના લેટેસ્ટ સીદ્ધાંતોનો ઢગલો એના ગજવામાં પડેલો છે, પણ દુઃખ એ છે કે આ સ્માર્ટ ફોનની પાછળની વૈજ્ઞાનીકતા નહીં સમજનારા પણ સ્માર્ટ ફોન લઈ ફરતા જોવા મળે છે. સત્યશોધક સભાએ કેટલાક વીજ્ઞાન શીક્ષકોની સાથે આ બાબતમાં સંવાદ કર્યો. તેઓ ઉત્સાહીત થયા, પ્રશ્નો પુછતા થયા, પોતાની માન્યતાની કોઈ બીજી બાજુ પણ હોઈ શકે એ સ્વીકારતા થયા, અને હોંશે હોંશે રેશનાલીસ્ટ સાહીત્ય લેતા થયા. સુર્યકાન્ત શાહ હીરક મહોત્સવનું આ એક ઉજળું પાસુ બન્યું. આ સમગ્ર પ્રયાસ અંધશ્રદ્ધાના દરીયામાંનું કદાચ એક ટીપુ બની રહેશે. ઉછેર, સમાજ–ઘરનું વાતાવરણ, શાળાનું વાતાવરણ, પ્રશ્નો ન પુછવાની ટેવ, સમજયા વીના સ્વીકારી લેવાની શીક્ષણપ્રથા–આ બધાંમાંથી મુકત થઈને રેશનાલીઝમની માથાકુટ કરવાની નહીં, કુટુંબ સારી રીતે ચલાવવું, વીજ્ઞાન શીક્ષક તરીકેની ઈજ્જત જાળવવી. ટીકાપાત્ર બનવું નહીં, મગજ ખોટું ખરાબ કરવાનું નહીં.

સત્યશોધક સભા દઢપણે માને છે કે કોઈપણ સમાજ પરીવર્તનના મોટામાં મોટા વાહકો શીક્ષકો જ છે. સીધી કે આડકતરી રીતે તેઓ બાળકોના મગજ પર વર્ચસ્વ ધરાવતા હોય છે. સમાજ ખરાબ રસ્તે જતો હોય તો તેમાં પણ શીક્ષકોનો ફાળો ખરો ! સમાજમાં હીસા થાય, બળાત્કાર થાય, અપહરણ થાય, કોમી દંગલો થાય તો કાયદો–વ્યવસ્થાની દષ્ટીએ ભલે પોલીસ કમીશનરની જવાબદારી થાય, પરંતુ એના મુળમાં બાળકને રેશનલ નહીં બનાવવામાં આવ્યા તે પણ ગણાવું જોઈએ.

# ભગવાન રુપી કેન્સર !

પ્રદીપકુમાર ભટ્ટ

મનુષ્ય જીવનમાં કહેવાતા ભગવાનની જાણ કયારે થાય છે ? જયારે બાળકનો જન્મ થાય છે ત્યારે ? માટે પ્રથમ દીવસથી જ તે પોતાની 'મા' સીવાય કોઈને પણ ઓળખતું નથી. સમય જતા પીતાજી, દાદા, નાના, નાની, માસી, મામા, કાકાની એને ઓળખાણ થવા માંડે છે. ત્યાર બાદ ૨ થી ૩ વર્ષની ઉંમરે તે પોતાના ઘરના ધાર્મીક વાતાવરણને ઓળખે છે. દીવો, અગરબત્તી, પ્રાર્થના, નમસ્કાર જેવી પ્રવૃત્તીથી પરીચીત થાય છે, અને વડીલોને અનુસરે છે. આમ નાની ઉંમરે વડીલો દ્વારા કહેવાતા ભગવાનની ઓળખાણ થાય છે, અને તેમના જેવી જ પ્રવૃત્તીઓનો સ્વીકાર કરે છે. આમ આટલી નાની ઉંમરે ભગવાનરુપી કેન્સર તેના મનમંદીરમાં ફરવા માંડે છે. તે મનમાં ને મનમાં ભગવાનનું રટણ કરતું જ રહે છે.

જેમ જેમ ઉંમરમાં વધારો થાય છે તેમ તેમ ભગવાન પ્રત્યેની લાગણી વધતી જાય છે, અને તે પોતાના નાનાં મોટાં કાર્યો માટે ભગવાન પર આધાર રાખવા માંડે છે. આમ તે ભગવાન પર આધારીત લાચારીનો ભોગ બનતો જાય છે. આ લાચારી એટલે જ કેન્સરનું પ્રથમ સ્ટેજ. તે માણસને લાચાર અને પાંગળો બનાવે છે. જેમ જેમ એની ઉંમર અને એની સમજ વધતી જાય છે, તેમ તેમ કહેવાતા ભગવાનની માયાજાળમાં એ ફસાતો જાય છે, મંદીરે જવું, મોટેથી પ્રાર્થના બોલવી, ભોગ ચઢાવવો. વારંવાર પગે પડવું, વગેરે ક્રીયાઓનું પુનરાવર્તન થયા કરે છે. આમ પ્રથમ સ્ટેજમાં વડીલો દ્વારા પ્રોત્સાહન મળતા આ ભગવાનરૂપી કેન્સરનો શરીરમાં ફેલાવો થાય છે. ખતરનાક ગણાતા આ સ્ટેજમાં બાળક પોતાની દરેક સારી–નરસી પ્રવૃત્તી માટે ભગવાન સીવાય કોઈનો પણ આધાર રાખતું નથી. પોતાના જન્મદાતા 'મા–બાપ'નું પણ એ સાંભળતું નથી, અને પોતાની દરેક નાની મોટી મુશ્કેલીઓનું નીરાકરણ લાચાર, અસહાય નીર્જીવ મુર્તીઓ પાસે જ હોવાનું માની લે છે, અને ન કરવાનું ગાંડપણ કરી બેસે છે. આ સમયે પણ વડીલો દ્વારા વીવેકબુદ્ધીનો ઉપયોગ ન કરવામાં આવે અને બાળકને પ્રોત્સાહન જ આપવામાં આવે તો ભગવાનરૂપી આ કેન્સર ત્રીજા અને આખરી સ્ટેજમાં પ્રવેશી જાય છે. આ સમય એટલો બધો નાજુક હોય છે કે પોતાનાં ધારેલા કાર્યો ભગવાન પાસે કરાવવા માનતા માનવી, ઉપવાસ કરવા, ચાલતા કે પેટ ઘસડીને કે આળોટીને ધાર્મીક સ્થળે પહોંચવાની જીદે ચઢે છે. આમ શરીરને ખુબ જ કષ્ટ પહોંચાડી માનતા કે બાધા પુરી કરવાનો ઉન્માદ ચઢી બેસે છે. તાંત્રીકો ભુતભુવા કે જયોતીષીઓને શરણે એ પહોંચી જાય છે. એમાં તે ઘણીવાર મોતના દરવાજા સુધી પહોંચી જાય છે. આનો ઉપાય પણ વીચારવો પડશે.

(૧) બાળકને નાનપણથી જ વીવેકબુદ્ધીની સમજ આપવી જોઈએ.

(૨) મુશ્કેલ પરીસ્થીતીમાં ઘરના માણસોએ વીપરીત પરીસ્થીતી કેમ પેદા થઈ તેનાં કારણો શોધવા જણાવવું જોઈએ.

(૩) જે સાચાં કારણો મળે તેનો અસરકારક ઉપાય શોધવા જણાવવું જોઈએ.

## Absence of Evidence is not an Evidence of Absence : આલોચના

**–ડૉ. બી. એ. પરીખ**

ઉપરના અંગ્રેજીમાં લખાએલા સૂત્રનો અર્થ એ કરવામાં આવે છે કે, ''કોઈ ઘટના કે કીસ્સા વીષે ચર્ચા કરતા હોઈએ અને તેના અસ્તીત્વ વીષે તમે પુરાવા હાજર ન કરી શકો તો આ પુરાવાનો અભાવ–ગેરહાજરી તેના અસ્તીત્વના અભાવ–ગેરહાજરીનો પુરાવો ન કહેવાય.''

આ કથન મુખ્યત્વે અલૌકીક ચમત્કારીક કહેવાતી ઘટનાઓના અસ્તીત્વને સાબીત કરી શકાતું નથી એટલે તેમ થયું જ નથી એમ મનાય એવું બતાવવા માટે મહદ અંશે ટાંકવામાં આવે છે. આ કથન બહુ ચબકારીભર્યું છે, પરંતુ તે બૌદ્ધીક છેતરપીંડી છે. કાર્લ સેગન ગામના ખગોળવીદના નામે એ વીધાન ટાંકવામાં આવે છે અને દલીલ કરવામાં આવે છે કે, 'રેશનાલીસ્ટ, નીરીશ્વરવાદીઓ જુઓ, કાર્લ સેગન જેવા આસ્તીક નહીં તેવા વીદ્વાન પણ ઈશ્વરના અસ્તીત્વનો ઈનકાર કરી શકતા નથી.'

કમનસીબે ગમે તે ભોગે ઈશ્વર કે તેના જેવી વાહીયાત ઘટનાઓ કે ખ્યાલોમાં માનવાની શ્રદ્ધા (અંધશ્રદ્ધા) ધરાવતા વીદ્વાનો ઉપરોકત કાર્લ સેગનના સીદ્ધાંતને જાણી જોઈને પોતાના મતના સમર્થન તરીકે ટાંકે છે. વાસ્તવમાં ઉપરોકત વીધાનની સમજ આ પ્રકારની છે.

સામાન્યતઃ કોઈપણ ઘટના બને તેની હયાતીના બુદ્ધીમાન્ય પુરાવા મેળવવા જેઈએ, પરંતુ જો તેના વીષે પર્યાપ્ત પુરાવા ઉપલબ્ધ ન હોય તો સ્વાભાવીક છે કે તે ઘટના વીષે તપાસ જારી રાખી પુરાવા મેળવવાના હોય. જેમ કે ખુનની ઘટનાની તપાસ કરતા પોલીસ ખુની કોણ છે તેનાં તત્કાલ પુરાવા ન મળે તો ખુની વીષે તપાસ જારી રાખે છે, પરંતુ અમુક ચોકકસ માણસ જ ખુની છે અથવા ખુન થયું જ નથી એમ માની શકાય નહીં. સાબીત કરી શકાય નહીં.

રેશનાલીઝમ–નાસ્તીકતાના ટીકાકારો એમ દલીલ કરે છે કે ઈશ્વરનું અસ્તીત્વ હોવા, ન હોવાના વીવાદમાં ઈશ્વર હોવા વીષે તો અનેક દષ્ટાંતો અનુભવો, ઘટનાઓ ટાંકવામાં આવે છે. આ કહેવાતા પુરાવા ઈશ્વરના અસ્તીત્વને સાબીત કરી શકતા નથી. એટલે

ઈશ્વરના અસ્તીત્વના પર્યાપ્ત પુરાવાની ગેરહાજરી એ ઈશ્વરના અસ્તીત્વની ગેરહાજરીનો પુરાવો ન કહેવાય. ઈશ્વરનું અસ્તીત્વ છે એમ શ્રદ્ધાળુ માણસ માને તે કંઈ ખોટું નથી. એવી દલીલો થાય છે. હવે આ દલીલોની પોકળતા જુઓ.

વૈજ્ઞાનીક સંશોધનમાં ઘટનાનું સ્પષ્ટીકરણ શોધવા માટે વીજ્ઞાનીક કારણનો કલ્પના–સીદ્ધાંત તૈયાર કરે છે, અને એમ માનવામાં આવે છે કે જો અને જયાં સુધી કલ્પના–સીદ્ધાંતના પુરાવા ન મળે અને સાબીત ન થાય ત્યાં સુધી તે 'સાચી નથી' એમ જ માનવું. ન્યાયાલયની કોર્ટમાં 'આ આરોપી ગુનેગાર નથી' એમ જ પ્રાથમીક વીધાન થાય છે. ગુનેગાર છે એમ સાબીત કરવા માટે પુરાવા મેળવો, નહી કે 'ગુનેગાર નથી' ના પુરાવા આ જ તર્ક ઈશ્વરના અસ્તીત્વની ઘટનાને લાગુ પાડવો જોઈએ. ચર્ચામાં પ્રથમ વીધાન તો એમ જ થાય કે 'ઈશ્વરનું અસ્તીત્વ નથી.' હવે ઈશ્વરનું અસ્તીત્વ છે તે સાબીત કરવા પુરાવાઓ આપવાની જવાબદારી આસ્તીકોની છે. આ સાદા નીયમને બાજુએ મુકી આસ્તીકો નાસ્તીકોને ખોટો પડકાર આપે છે કે, 'ઈશ્વર નથી એવા પુરાવા તમે આપો !' હવે જે નથી એના પુરાવા મેળવવા જોઈએ કે જે છે એમ સાબીત કરવાના પુરાવા મેળવવાના હોય ? વાસ્તવમાં પ્રારંભીક કથન તો–'ઈશ્વરનું અસ્તીત્વ નથી'–એ હોય. હવે ઈશ્વર છે તેની સાબીતી આસ્તીકવાદીઓ આપે.

જેમ્સ રેન્ડીએ ૧૯૭૨માં જણાવ્યું છે કે, 'તમે કદી નકારાત્મક કે આ હકીકત ઘટના નથી. એવું સાબીત ન કરી શકો.' દા. ત. ટેલીપથી, કલેરવોયન્સ, મનોશારીરીક ગતી, ભુત–પ્રેત, ઈશ્વર – God નું અસ્તીત્વ નથી, પરંતુ જો કોઈ વ્યકતી દાવો કરે કે 'આ કે તે છે !' તો તેણે તેનું અસ્તીત્વ–હાજરી સાબીત કરવાની હોય. જો તે એમ કહે કે, 'હું ઈશ્વર, ટેલીપથી કે ભુત હોવાનું પર્યાપ્ત પુરાવા આપી સાબીત કરી શકતો નથી.' તો પછી તેનું વીરોધી નકારાત્મક કે, 'આ કે તે નથી તે સાચું માનવું.' જો અસ્તીત્વના પુરાવા ન હોય છતાં માણસ એમ કહે કે 'ના,' તે તો છે તો ખરું, તો તે તેનો પક્ષપાત, પૂર્વગ્રહ તેમ જ અંધશ્રદ્ધા જ છે. તત્ત્વજ્ઞાની સ્ટીવન્સ તેમજ કાર્લ પોપર કહે છે કે જેમ કોઈ બાબત તાર્કીક રીતે અસ્તીત્વ માટે માન્યતા ધરાવી શકે છે તેમ અસ્તીત્વ ન હોવા વીષે does not exist વીષે પણ તર્કબદ્ધ માન્યતા ધરાવી શકે છે. જો અન–અસ્તીત્વ (non-existence) પુરાવા સાથે સાબીત ન કરી શકાતું હોય અને–અસ્તીત્વ (existence) પણ પુરાવા સહીત સાબીત ન કરી શકાતું

હોય તો અસ્તીત્વ નથી (non-existence)ને પ્રાથમીકતા આપવી જોઈએ. વળી ઈશ્વર (GOD)ના અસ્તીત્વની સાબીતી રૂપે જે પુરાવો–ઘટનાઓ ટાંકવામાં આવે છે તે પ્રકૃતીમાં બનતી ઘટનાઓ જ છે. જેનો અનુભવ કરી શકાય છે, થાય છે, પરંતુ તેનું 'કારણ' સમજાતું નથી એટલે અગોચર God ની કલ્પના થાય છે તે તાર્કીક નથી. આઈન્સ્ટાઈન, સ્ટીફન હોકીંગ જેવા વીજ્ઞાનીઓ કહે છે કે, 'બ્રહ્માંડની ઉત્પત્તી મોટા ઘડાકાથી (Big-bang) થઈ. જીવની ઉત્પત્તી પાણીમાંથી થયેલી ઉત્ક્રાંતી (evolution) છે.' આઈન્સ્ટાઈન કહે છે કે, 'મારે મન પ્રકૃતીનો અભ્યાસ કરવો, તેમાં રહેલા નીયમો શોઘવા, એ જ વીજ્ઞાનનું ઘ્યેય છે. આ સંબંઘે પ્રકૃતીનો અભ્યાસ એ જ ઈશ્વરનો અભ્યાસ છે. ઈશ્વરનું કોઈ વાસ્તવીક અસ્તીત્વ નથી.' કાર્લ સેગનનો પ્રથમ રસ ખગોળવીજ્ઞાનમાં હતો. તેને આકાશીય તત્ત્વોને સમજવામાં રસ હતો. તે માનતા કે તેને અવકાશમાંથી ટેલીસ્કોપ દ્વારા સંદેશાઓ મળે છે, અને તે સંબંઘે તેણે અભ્યાસો કર્યા છે, પરંતુ તેથી કંઈ કાર્લ સેગનને ઈશ્વરના અનસ્તીત્વનો વીરોઘી કે અસ્તીત્વના સમર્થનમાં ટાંકી શકાય નહી. સેગને કહયું કે,"I am agnestic", હું સંશયવાદી છું. સેગને કહયું છે કે, 'ઈશ્વર–બ્રહ્માંડના સર્જન વીષેના બાઈબલમાંના સીદ્ધાંતો સાબીત કરવાનું મુશ્કેલ છે. અલબત્ત આ બ્રહ્માંડના અંત છે કે તે અનંત (infinits) છે, તેને વૈજ્ઞાનીક સંશોઘનની મદદથી પડકાર કરી શકાય છે. અસામાન્ય (extraordinary) દાવાઓ પુરવાર કરવા અસામાન્ય પુરાવાઓની જરૂર છે, અને અસામાન્ય દાવા માટે અસ્માન્ય સાબીતીઓ જોઈએ.'

સ્ટીફન હોકીંગ ઈશ્વરના અસ્તીત્વનો સ્વીકાર કરતા નથી. તેઓએ આ સંબંઘે કરેલી દલીલમાં વજુદ છે. આસ્તીકવાદીઓ આ સૃષ્ટીમાં બનતી ઘટનાઓના અંતીમ કારણ (Final cause) તેમજ અંતીમ સર્જક (final creator) તરીકે ઈશ્વરના અસ્તીત્વની કલ્પના કરે છે. ઈશ્વર તો સ્વયંભુ છે. It exists. તેની આગળ કોઈ કારણ કે કર્તા–સર્જક ન હોય God is self-caused. હોકીંગ કહે છે કે 'જો ઈશ્વર અસ્તીત્વ ઘરાવે છે. It exists એમ અંતે સ્વીકારી લેવામાં આવતું હોય તો તેનો અર્થ એ કે મીથ્યા કલ્પના (myth) ને અસ્તીત્વ તરીકે સ્વીકારી લેવું. જો એમ જ હોય તો આ બ્રહ્માંડ ખરેખર અસ્તીત્વ ઘરાવે છે. (It exists) કેમ ન સ્વીકારી લેવું ? આ વીશ્વ –બ્રહ્માંડ તો હકીકત છે. વાસ્તવીક છે. આપણી સામે છે.

# મંદીરે કમાણી

–ખીમજીભાઈ કચ્છી

ભગવાન તારે મંદીરીએ પ્રજા લુંટાણી,
પુજારીઓએ એની કેવી કરી છે કમાણી ?
‘સત્ય એ જ પરમેશ્વર’ વદૈ એવી વાણી,
અસત્ય આચરી એ કરે મબલખ કમાણી.
રજવાડી ઠાઠથી આચાર્યો જીવતા,
ભીખારીની વેદના કયાંય ના દેખાણી ?
લાલચ ને લોભે પથ્થરની મુર્તી પધરાવતા,
જીવતાની તે દરકાર કેમ ન જાણી ?
સોના–ચાંદીના તને દાગીના ચડાવી,
પૈસા પ્રજાના ને પુજારીને લ્હાણી.
છપ્પન ભોગ ધરી કરી કેવી કમાણી ?
દીન–દુઃખીયારા પર દયા જરા ન દેખાણી.
મદદ માટે લોકોએ મંદીરે મીટ માંડી,
પૂજારીની હાથે લાજ એની લૂંટાણી.
હાર કોની ને જીત કોની ? વાત ન સમજાણી,
દેવતાની મુર્તી આજ મંદીરમાં શરમાણી.


વાંચો :

(૧) વીજ્ઞાન અને અલૌકીક ઘટનાઓ રૂ. ૫૦ – ડૉ. બી. એ. પરીખ

(૨) જ્યોતીષ વીજ્ઞાન નહીં, મીથ્યા કલ્પના રૂ. ૩૦ – ડૉ. બી. એ. પરીખ

(૩) ચમત્કારોંની ભીતરમાં રૂ. ૩૦ – સીદ્ધાર્થ દેગામી

(૪) નવા વહેમો : વાસ્તુશાસ્ત્ર અને ફેંગશુઈ રૂ. ૩૦ – ડૉ. બી. એ. પરીખ

(૫) લગ્ન પહેલા અને પછી રૂ. ૨૫ – ડૉ. બી. એ. પરીખ

(૬) આપણો માંદો સમાજ રૂ... ૩૦. – સુર્યકાન્ત શાહ

મ. ઓ. કરો.

# બુદ્ધીજીવીઓની બેઈમાની !

–એન. વી. ચાવડા

વૈજ્ઞાનીક અભીગમના પ્રચારના બહુમુલ્ય યોગદાન ઉપરાંત વીવીધ સામાજીક સેવાઓ બદલ પ્રવર્તમાન ૨૦૧૪ના વર્ષમાં સુરતમાં જેમનો હીરક મહોત્સવ ઉજવાઈ રહયો છે એવા સુરતની સત્યશોધક સભાના ઉપપ્રમુખ અને તેના મુખપત્ર 'સત્યાન્વેષણ'ના મુખ્ય સંપાદક પ્રા. સુર્યકાન્ત શાહે 'વૈજ્ઞાનીકોના અવૈજ્ઞાનીક વલણો', શીર્ષકસ્થ એક પ્રેરક પુસ્તક લખ્યું છે, જેમાં તેમણે વૈજ્ઞાનીકો પણ એમના જીવનમાં કેટલા ઈર્‌રેશનલ હોય છે તેનું સદ્રષ્ટાંત સમીક્ષા સાથે વિશદ વર્ણન કર્યું છે.

વાસ્તવીકતા એવી જણાય છે કે આંગળીને વેઢે ગણાય એટલા જૂજ બુદ્ધીજીવીઓને બાદ કરતાં આપણા મોટા ભાગના બુદ્ધીજીવીઓ કાં તો અજ્ઞાન અને અંધશ્રદ્ધાથી પીડાય છે અથવા બેઈમાન છે અથવા કાયર છે યા સ્થાપિતહિતોના ચમચા છે અથવા પ્રા. રમણ પાઠકના શબ્દોમાં કહીએ તો તેઓ જાગૃતાવસ્થામાં પથારીમાં લઘુશંકા કરે છે, જેનો કોઈ ઈલાજ નથી.

તાજેતરમાં જ એક સુવીખ્યાત સમાજશાસ્ત્રી અને શિક્ષણવીદ્ વીદ્વાને વર્ણવ્યવસ્થાના કર્મના બોગસ સીદ્ધાંતની અંધવીશ્વાસયુકત જાહેર ચર્ચા કરતાં પોતાના લેખમાં લખ્યું કે 'ધૃતરાષ્ટ્રને કૃષ્ણે દીવ્ય દ્રષ્ટિ આપી તેથી ધૃતરાષ્ટ્ર પોતાના ૫૦ મા પુર્વજન્મને જોઈ શકયો, જેમાં તેણે પારધી તરીકેના જન્મ દરમીયાન સો પક્ષીઓને જીવતા સળગાવી માર્યા હતા તેથી ધૃતરાષ્ટ્રને આજે પોતાના સો પુત્રોના મૃત્યુનો વીયોગ સહન કરવાનું ફળ ૫૦ જન્મ પછી મળ્યું હતું.'

પુર્વજન્મની આ વીચારણામાં પ્રથમ પ્રશ્ન એ ઉપસ્થીત થાય છે કે આપણને કે આપણા પુર્વજોને કદીયે પોતાના પૂર્વજન્મની કોઈ અનુભુતી થઈ નથી. વળી સમજણ કૃષ્ણે ધૃતરાષ્ટ્રને પુર્વજન્મની અનુભુતી કરાવી હોય એવું પણ આપણી જાણમાં નથી. તો પછી આ વીદ્વાન દ્વારા વર્ણીત ધૃતરાષ્ટ્રના પુર્વજન્મની આ વાત શેને આધારે સાચી માની લેવી ? શું ધર્મગ્રંથોની બધી વાતો આપણે વીવેકબુદ્ધીને નેવે મુકીને સાચી માની લેવાની છે ?

બીજો પ્રશ્ન અહીં એ ઉપસ્થીત થાય છે કે મનુષ્યનું સરાસરી આયુષ્ય વધારેમાં વધારે સો વર્ષનું ગણીએ તો એ સો વર્ષ દરમીયાન મનુષ્યને સો પુત્રો એક જ રાણી દ્વારા કેવી રીતે સંભવી શકે ? શું ધૃતરાષ્ટ્ર આપણા જેવો મનુષ્ય નહોતો. જો ધૃતરાષ્ટ્ર આપણા કરતાં જુદા પ્રકારનો મનુષ્ય હોય તો કર્મના નીયમો આપણા અને એના સમાન તો ન જ

હોઈ શકે ને ? તો પછી ધૃતરાષ્ટ્રને લાગુ પડતા કર્મસીદ્ધાંતનું જ્ઞાન આપણને શા કામનું ?

ત્રીજો પ્રશ્ન એ ઉપસ્થીત થાય છે કે કૃષ્ણે ધૃતરાષ્ટ્ર જેવા અધર્મી મનુષ્યને દીવ્ય દ્રષ્ટી આપી પુર્વજન્મ બતાવ્યો તો આપણે તો ધૃતરાષ્ટ્ર જેટલા અધર્મી નથી જ ને ? તો પછી આજે આપણા દેશમાં વીચરી રહેલા અનેક શીવ–રામ–કૃષ્ણના અવતારો અને સાક્ષાત્ પરબ્રહ્મ પરમેશ્વરો આપણને દીવ્ય દષ્ટી આપી આપણો પુર્વજન્મ દર્શાવી પુર્વજન્મનું પ્રત્યક્ષ પ્રમાણ કેમ નથી આપી શકતાં ?

વાસ્તવીકતા સ્પષ્ટ છે કે આપણા દેશના બુદ્ધીજીવીઓ પોતાની વીવેકબુદ્ધીને નેવે મુકીને વર્ણાશ્રમધર્મ, તદજન્ય ક્રીયાકાંડો અને અંધશ્રદ્ધા તથા ઘટનાઓની સમીક્ષાઓ કરતા રહેતા હોય છે, તેમ કરીને તેઓ સમાજમાં અજ્ઞાત અને અંધશ્રદ્ધા ફેલાવી સમાજને ધર્મ અને ઈશ્વરને નામે ધંધા કરનારા સ્થાપીત હીતોના શીકાર બનાવે છે. આપણો સમાજ ઘોર અંધશ્રદ્ધાગ્રસ્ત છે તેનું એક કારણ આપણા બેઈમાન બુદ્ધીજીવીઓ પણ છે.

---

# આદીવાસીઓ અને પર્યાવરણ

–પરેશ ચૌધરી, વેડછી

કલાઈમેટ ચેન્જ માણવા જેવો નથી. તેને સહન કરવો પડે તેવી પરીસ્થીતી છે. પર્યાવરણીય દ્રષ્ટીકોણથી મોસમ પરીવર્તન માનવ સમાજને શારીરીક અને આર્થીક રીતે નુકસાનકારક છે. આ બાબત આદીવાસીઓની સંસ્કૃતીના પરીપ્રેક્ષ્યમાં સાચી નથી.

મુળભુત રીતે આદીવાસી સમાજ પ્રકૃત્તી (પર્યાવરણ) પુજક છે. આજે કલાઈમેટ ચેન્જના જમાનામાં અને ૨૧ મી સદીમાં પણ આદીવાસીઓ પર્યાવરણ અને પર્યાવરણની જાળવણી અને સાચવણી કરે છે. આ સત્યની સમજણ માટે આદીવાસીઓની સંસ્કૃતીને ધ્યાને લેવી જોઈએ. ભારત દેશ અને ગુજરાત રાજયની વાત કરવામાં આવે તો પહાડી અને જંગલ વીસ્તારમાં વસતાં આદીવાસીઓ પર્યાવરણની જાળવણી કરી રહયાં છે તેના મૌખીક તેમજ દસ્તાવેજી પુરાવાઓ ઘણા મળે છે.

પર્યાવરણ અને આદીવાસીઓની જીવનશૈલી–સંસ્કૃતીને સીધો સંબંધ છે પ્રકૃતી/ પર્યાવરણ પાસેથી ખપ પુરતુ લેવું અને પ્રકૃતી / પર્યાવરણનું રક્ષણ કરવું. આ આદીવાસી સમાજની સંસ્કૃતીનો મુખ્ય નીયમ છે. આને બીજી ભાષામાં આદીવાસીઓના સંસ્કૃતીના હાર્દભાગ તરીકે પણ સંબોધી શકાય.

# ગીતા મીમાંસા (લેખાંક : ૧૬)

## અધ્યાય : ૧૦

–સુર્યકાન્ત શાહ

ગીતાની મીમાંસા જેમ જેમ આગળ વધે છે તેમ તેમ સમજાય છે કે ગીતામાં એકની એક વાત જુદાં જુદાં સ્વરુપે વારંવાર કરવામાં આવે છે. એની સમજુતીમાં સ્વામી પ્રભુપાદ પણ પુનરાવર્તન કર્યા જ કરે છે. એમના ઈસ્કોનના ટ્રેડ માર્ક જેવું 'હરે કૃષ્ણ હરે કૃષ્ણ હરે હરે'...વારંવાર લખ્યા જ કરે છે. આ મીમાંસામાં પુનરાવર્તનનો એ દોષ ઓછામાં ઓછો કરવો છે તેથી મીમાંસા ટુંકી થતી જાય છે.

બધા જ ધર્મોની એક આદત એ છે કે આપણું જે વીશ્વ છે તેની ભરપેટ નીંદા કરવી. આથી જ શ્લોક–ત્રણની સમજુતીમાં સ્વામી પ્રભુપાદ જણાવે છે કે, 'બધું જ અશુભ છે કારણ કે ભૌતીક પ્રકૃતી સ્વયં અશુભ છે.' આવું કહી કહીને બધા ધર્મોના આગેવાનો એમના ભકતોને સતત અપરાધભાવમાં રાખે છે. અપરાધનાં 'પાપ'(?) ઓછા કરવા તેઓ સતત સાધુ, મૌલવી, પાદરી વગેરેના ગુલામ થઈને રહે તેવું માર્કેટીંગ આ ભાવ પેદા કરવા પાછળ કામ કરે છે. આથી જયાં વીજ્ઞાનની ખેડ થાય છે તે યુનીવર્સીટીઓ એમને જરાયે ગમતી નથી. અલબત્ત હમણાં હમણાં ભારતમાં અને તેમાંયે ખાસ કરીને ગુજરાતમાં આ ધાર્મીક આગેવાનોએ સત્તાની મદદ લઈને યુનીવર્સીટીઓ જ 'કબજે' કરવા માંડી છે. એના કેટલાક કુલપતીઓ તો કથાવાચકની જેમ જ ઉદ્‌બોધનો કરે છે. આમ કરીને તેઓ યુનીવર્સીટીઓને એમનાં ધર્મસ્થાનો બનાવવા માંડયા છે. આથી યુનીવર્સીટીઓમાં વીજ્ઞાનની ખેડ કયાં તો અટકી ગઈ છે અથવા ઉંધે રસ્તે ઉતરી ગઈ છે. યુનીવર્સીટીની જે અસલીયત છે તે સ્વામી પ્રભુપાદને પણ ગમતી નથી. આથી શ્લોક : ચાર અને પાંચની સમજુતીમાં તેઓ જણાવે છે કે 'વીશ્વવીદ્યાલયની કેળવણી દ્વારા પ્રાપ્ત થતું સામાન્ય જ્ઞાન જડ પદાર્થ વીષયક હોય છે, અને અહીં તેનો જ્ઞાન તરીકે સ્વીકાર કરવામાં આવતો નથી. જ્ઞાનનો અર્થ છે : ચેતન–આત્મા તથા ભૌતીક પદાર્થ વચ્ચે રહેલા તફાવતને જાણવો.'

આ જ્ઞાન માત્ર બ્રાહ્મણો જ ધરાવી શકે એવી માન્યતાવાળા સ્વામી પ્રભુપાદ આથી વેદોનો આશરો લઈને શ્લોક પાંચની સમજુતીમાં જણાવે છે કે 'આદેશ એ જ છે કે બ્રાહ્મણોને દાન આપવું જોઈએ.' કેટલું બધું ખુલ્લું માર્કેટીંગ છે ! બીજા ગ્રહો પર અમીબા જેવા જીવ પણ છે કે કેમ તે શોધવા માટે વૈજ્ઞાનીકો તનતોડ મહેનત કરે છે, પણ પોતાને 'જ્ઞાની' કહેવડાવતા સ્વામી પ્રભુપાદ કશાયે સંશોધન કર્યા વીના ખુબ સહજતાથી આ જ શ્લોકની સમજુતીમાં જણાવે છે કે, 'અન્ય ગ્રહો પર વીભીન્ન પ્રકારના માનવો વસે છે.'

ગીતામાં પણ એટલી જ સહજતાથી આકાશી પદાર્થો વીશે વાતો કરવામાં આવી છે. શ્લોક : એકવીસમાં કૃષ્ણ ખુબ સહજતાથી દાવો કરે છે કે 'ચંદ્ર એક આખુ નક્ષત્ર છે,' અને વળી પાછા એ નક્ષત્ર પોતે જ છે. તેઓ જણાવે છે કે, 'નક્ષત્રોમાં હું ચંદ્ર છું.' ગીતામાં આ કેટલું અવાસ્તવીક વીધાન છે. ચંદ્ર ઉપગ્રહ છે એ હવે નાના બચ્ચાને પણ કહેવાની જરુર નથી. ગીતામાં ખુદ કૃષ્ણે જયારે ચંદ્રને નક્ષત્ર એટલે કે અનેક તારાઓનો સમુહ ઓળખાવ્યો હોય ત્યારે નાછુટકે સત્યોચ્ચારણ કરવું પડે કે ખગોળશાસ્ત્રથી કૃષ્ણ ઘણા અજ્ઞાત હતા. કહેવાય છે કે ગીતા પાંચ હજાર વર્ષ પર બોલાયેલી. ત્યારે આજના જેટલું જ્ઞાન નહોતું. ધર્મની કરુણતા એ છે કે ત્યારબાદ નવી માહીતી પ્રાપ્ત થતાં જુની વાતો ખોટી પડે છે, છતાં ધર્મ એને છોડતો નથી. ધાર્મીક આગેવાનોએ એક મોટી ભુલ દરેક ધર્મમાં કરી છે કે મુળ ધર્મગ્રંથના બનાવનારને એમણે સર્વજ્ઞાની હોવાનો પ્રચાર કર્યો છે. નવી માહીતી મળતા એ ધર્મગ્રંથમાંની માહીતી ખોટી પડે તો પણ તે ખોટી હોવાનો તેઓ સ્વીકાર કરી શકતા નથી. સ્વીકાર કરે તો એમના અવતાર–પયગંબર પ્રભુનું બાળક–તીર્થંકર બધા ઓછા જ્ઞાનવાળા અને કેટલીક બાબતોમાં અજ્ઞાની પુરવાર થાય ! આથી બધા ધર્મોના આગેવાનો ધર્મની ખોટી વાતોને પકડી રાખે છે. તે સાચી હોવાનો દાવો કરી તેનો ભરપુર પ્રચાર કરે છે. આવું જ કંઈક સ્વામી પ્રભુપાદે શ્લોક–એકવીસની સમજુતીમાં જણાવ્યું છે કે, 'તારાઓમાં રાત્રે ચંદ્ર સૌથી મુખ્ય નક્ષત્ર છે અને તેથી ચંદ્ર કૃષ્ણનું પ્રતીનીધીત્વ કરે છે, આ શ્લોક પરથી જણાય છે કે ચંદ્ર તારાઓમાંનો એક તારો છે અને તેથી આકાશમાંના ઝબુકતા તારાઓ પણ સુર્યના પ્રકાશનું પરાવર્તન કરે છે. બ્રહ્માંડમાં અનેક સુર્યો છે.' એવા મંતવ્યનો વૈદીક સાહીત્યમાં સ્વીકાર થયો નથી. સુર્ય એક જ છે અને જેમ સુર્યપ્રકાશના પરાવર્તનથી ચંદ્ર પ્રકાશે છે તેવી જ રીતે તારાઓ પણ પ્રકાશે છે. અહીં ભગવદ્‌ગીતા સુચવે છે કે ચંદ્ર એક તારો છે અને ઝબુકતા તારાઓ સુર્યો નથી પણ ચંદ્ર જેવા છે ! આ વીધાનોના ખંડનની જરુર જ નથી કારણ કે ધોરણ સાતમા ભણતો વીદ્યાર્થી જે જાણે છે તે સ્વામી પ્રભુપાદ જાણ્યા પછી અજાણ્યા રહેતા હોય તો તેમને સાચી વાત કેવી રીતે સમજાવી શકાય ? ઉંઘતાને જગાડી શકાય, ઉંઘવાનો ઢોંગ કરનાર જાગતાને નહીં જગાડી શકાય. આમ છતાં ગીતાનો આ શ્લોક અને તેના પરની સમજુતી એટલું તો દર્શાવે છે જ કે ગીતામાં માનનારા સહીતના કોઈ પણ ધર્મના માનનારા એમની આંખ સમક્ષની હકીકતનો પણ સ્વીકાર કરતા નથી. એવા ધર્મોના ભકત થવું એટલે અવાસ્તવીકતાનો સ્વીકાર કરવો, અને તેને ગાઈ બજાવવું ! આવું જ પશુ–યજ્ઞનું છે. વેદ અને ગીતાના કાળમાં અને ત્યારબાદ એ ગ્રંથોના પ્રભાવને કારણે યજ્ઞોમાં પશુ હોમવામાં આવતા હતા. આધુનીકતા એનો વીરોધ કરે છે. આથી હવે એવા બલી ગુપ્ત રીતે અપાય છે. કેટલીકવાર તો નરબલી પણ અપાય છે. ધાર્મીક

આગેવાનો અને ભકતો આવી તીરસ્કૃત વીધીઓ પણ છોડવા માંગતા નથી–છોડતા નથી. આથી જ કંઈક બચાવપક્ષે રહીને સ્વામી પ્રભુપાદ શ્લોક પચ્ચીસની સમજુતીમાં સંકોચાઈને લખે છે કે, 'કોઈ કોઈ વાર પશુ–યજ્ઞની પણ ભલામણ કરવામાં આવે છે.' આવા જ અવાસ્તવીક અને અવૈજ્ઞાનીક ખ્યાલને શ્લોક–અઠ્ઠાવીસની સમજુતીમાં સ્વામી પ્રભુપાદ દોહરાવે છે કે, 'ઉત્તમ સંતતી ઉત્પન્ન કરવા માટે ઉપયોગમાં લેવામાં આવેલો કામ કંદર્પ કહેવાય છે, અને તે કૃષ્ણનું પ્રતીનીધીત્વ કરે છે.' ઉત્તમ સંતતી થાય તે માટે કરવાના સંભોગનું જરાયે માર્ગદર્શન નથી ગીતા આપતી કે નથી સ્વામી પ્રભુપાદ આપતા ! આવા સંભોગની જાણ જો ગીતાએ આપી દીધી હોત તો આપણે બધાં જ ઉત્તમ સંતતી તરીકે જ જન્મ લેતે ! શું ચોકકસ પ્રકારે સંભોગ કરવાથી ઉત્તમ સંતતી પ્રાપ્ત થાય છે કે બાળકના જન્મ બાદ વીસ–પચ્ચીસ વર્ષે ખબર પડે કે સંતતી ઉત્તમ છે કે કેમ ? સાચું શું ? વીસ–પચ્ચીસ વર્ષે સંતતી ઉત્તમ પુરવાર થાય ત્યારે મા–બાપને યાદ પણ હોય ખરું કે એમણે કેવી રીતે કામક્રીડા કરેલી ? આવી અક્કલ વગરની વાતો લઈને હમણાં હમણાં ગુજરાતમાં પ્રજનન કરી શકતા દંપતીઓ પાસેથી તગડી ફી વસુલીને ઉત્તમ સંતતી પ્રાપ્ત કરવા માટે સંભોગ અને ગર્ભાવસ્થામાં શું કરવું તેનું શીક્ષણ આપતા વર્ગો ચાલે છે ! ખરેખર 'દુનીયા ઝુકતી હૈ, ઝુકાનેવાલા ચાહીયે !' આવી ઝુકાવવાની શેખી રશનાલીસ્ટો કરતા નથી તેથી તેઓ મુફલીસમાં ખપી જાય છે. આવા જ એક બીજા ફેંકાઈ ગયેલા ખ્યાલને સ્વામી પ્રભુપાદ શ્લોક–સત્તાવીશની સમજુતીમાં જણાવે છે કે, 'મનુષ્યોમાં રાજા એ કૃષ્ણનો પ્રતીનીધી છે.!' આગળ ચાલતા તેઓ જણાવે છે કે, 'વૈદીક સાહીત્યમાં રાજાને ઈશ્વરનો પ્રતીનીધી ગણવામાં આવ્યો છે.' આ ઈશ્વરી તત્ત્વ કયાં કયાં અને કોનામાં ભરાઈ જાય છે તે જો બરાબર તપાસીએ તો સત્તા, લક્ષ્મી અને ઐશ્વર્ય જયાં જયાં હોય છે ત્યાં ત્યાં આ તત્ત્વ ભરાઈ જાય છે. ઈશ્વરનો સમગ્ર ખ્યાલ જ સત્તાધારી અને શ્રીમંતોને પોષવા માટેનો છે.

'કૃષ્ણ બધું જ છે.' એવો દાવો કરતા તેઓ ચુકી જાય છે કે તેઓ દુર્જનતાને પણ પોતીકી કરી દે છે. શ્લોક : છત્રીસમાં તેઓ જણાવે છે કે, 'હું છળકપટ કરનારોઓમાં દ્યુત છું.' દ્યુત એટલે જુગાર. છળકપટ કરનારા સૌથી વધારે છળકપટ જુગારમાં કરે છે. જેના કારણે ગીતા રચાઈ તે મહાભારતના યુદ્ધના મુળમાં શકુનીનો છળકપટભર્યો દ્યુત હતો ! શું શકુની એ જુગારમાં કૃષ્ણ–કૃષ્ણ એટલે કે દ્યુત રમેલો ! કૃષ્ણનો ગીતામાંનો આ દાવો તો જાણે એવું સમજાવે છે કે દુર્જનતામાં પણ કૃષ્ણ તો હોય જ !

## આધુનીકતાનું આકર્ષણ છે, પણ પુરાણ છુટતું નથી !

જ્યારે મારો ત્રણ વર્ષનો પૌત્ર કેમેરોન એના બાલમંદીરની એક કવીતા ઉલ્લાસથી ગાવા માંડયો ત્યારે મને ખ્યાલ આવ્યો કે આપણે સૌને આધુનીકતાનું આકર્ષણ છે, પણ પુરાણું છુટતું નથી.

એ ગાતો હતો :

એક ગોળ ચકરડું
પુષ્પોથી ભરેલું કુંડુ
રાખ, રાખ
બધા જ આપણે ઘણાય નમઃ

હું પણ આ ગીત ગાતો હતો. મારો દીકરો પણ ગાતો હતો. હવે મારો પૌત્ર ગાય છે. આમ છતાં, આ કવીતાના મુળની કોઈને ખબર નહોતી. મેં તે શોધવાનો પ્રયત્ન કર્યો તો જાણવા મળ્યું કે એનાં મુળ તો પ્લેગના ખપ્પરમાં પડેલા છે. પ્લેગનો હુમલો શરુ થાય ત્યારે શરીર પર રતુમડા ચકરડાં પડે, પછી એ કાળાં પડે, કુંડાનાં પુષ્પો હવાને ચોખ્ખી કરે તેથી તેની સુગંધ શ્વાસમાં લેતા રોગ મટે તેવી માન્યતા, પણ આખરે તો એ બધા જ દર્દીઓ, આપણે સૌ પડી જવાના છીએ. આપણા શરીરને બાળી જ નાંખવામાં આવશે. માત્ર રાખ અને રાખ ! શું આ કવીતા ગાવા જેવી અને ગોખવા જેવી છે ? લોકો સમજ્યા વીના ગાય છે, ગોખે છે અને નવી પેઢીને વારસામાં આપતા જાય છે ! મોટા ભાગની ધાર્મીક વાતો, કથાઓ અને ગીતો–ભજનો આ જ મતલબના છે. બધા જ ધર્મોના લોકો સમજયા વીના અને મુળ સ્ત્રોતને જાણ્યા વીના આ બધું ગાય છે, ગોખે છે અને નવી પ્રજાને આપી જાય છે ! આવી ખતરનાક વાતોનાં મુળીયાં આપણી પ્રજાના મનોપ્રદેશમાં એટલા ઉંડા ઘાલી ગયાં છે કે એની નીરર્થકતા અને ભયાનકતા દર્શાવ્યા બાદ પણ લોકો એને છોડી દેવા તૈયાર થતા નથી. ધાર્મીક આગેવાનો એટલા બધા લાલચ અને ભય પ્રસરાવે છે કે લોકો આ નાગચુડમાંથી મુકત જ થઈ શકતા નથી. તેઓ આજુબાજુની હકીકત જોઈ શકતા નથી. વીજ્ઞાનની શોધોનો ભરપેટ ઉપયોગ કર્યા પછી પણ વૈજ્ઞાનીક અભીગમ ખીલવતા નથી. સેકસ સહીતની બધી જ લાગણીઓ અને વીચારોની અભીવયકતીના સ્વાતંત્ર્યને જાણી શકતા નથી. આ માટે તો તેઓએ સૌથી પહેલા બીનસાંપ્રદાયીકતા સ્વીકારવી જેઈએ. જે હકીકતો છે તેને જ તપાસીને સ્વીકારવી જોઈએ. દંતકથાઓની વાતો ગપગોળા છે અને મનોરંજન માટે છે તે સમજવું જોઈએ. કાર્ય–કારણના સંબંધ અને વીવેકની શકતી પીછાણવી જોઈએ. માનવજાત સમક્ષની સમસ્યાના ઉકેલ માટે દ્રઢ મનોબળ કેળવવું જોઈએ. (ઈન્ટરનેશનલ હ્યુમન એથીકલ યુનીયનના પુર્વ પ્રમુખ પૌલ કુત્ઝનું ૨૦–૧૦–૧૨ના રોજ નીધન થયું છે. એ પ્રસંગે એમને આ યુનીયનના મેગેઝીનના નવેમ્બર–૧૨ના અંકમાંના એમના જ લેખમાંથી એક અવતરણ)

## 'આયુષ' ના નામે જનતાના પૈસાનો બગાડ

ભારત સરકારના આરોગ્ય ખાતાએ 'આયુષ' નામનો વીભાગ શરુ કર્યો છે. આયુષમાં ચાર (A =આયુર્વેદ, U - યુનાની, S = સીધ્ધા અને H = હોમીઓપથી) પથીઓનો સમાવેશ થાય છે. આ ચારે પથીઓનો કોઈ વૈજ્ઞાનીક પાયો નથી. હોમીયોપથી તો આખી દુનીયામાં બીનઅસરકારક પથી તરીકે પુરવાર થઈ છે. આ પથીઓના શીક્ષણ અને પ્રચાર પાછળ ભારત સરકાર જે નાણું ખર્ચે છે તે જનતાના પૈસાનો બગાડ છે. આ વીભાગ તરફથી કોઈ કોઈવાર એક યા બીજા રોગની સારવારની જાહેરખબરો પ્રસીદ્ધ થાય છે. મોટી જાહેરખબરના અંતે આ વીભાગ અચુક નોંધ કરે છે કે જે રોગના ઉપચારના દાવા આ પથીઓમાં કરવામાં આવ્યા છે તે રોગ જો ગંભીર સ્વરુપ ધારણ કરે તો એલોપથીના ડૉક્ટરનો અથવા એલોપથીની સારવાર આપતી હોસ્પીટલનો તરત સંપર્ક કરવો ! આ નોંધ જ દર્શાવે છે કે આ ચારે પથીઓ અવૈજ્ઞાનીક અને તેથી અવીશ્વસનીય છે. ભારત સરકારે આ વીભાગ બને એટલો વહેલો બંધ કરી દેવો જોઈએ.

---

જ્યાં ધાર્મીક આગેવાનોનાં સત્તા અને પ્રભુત્વ છે ત્યાં તેઓ નાસ્તીકોને કાયદાથી જ જીવવાનું ભારે કરી નાંખે છે. એમની માન્યતા અને સ્વતંત્રતા ઝુંટવી લે છે. એમના નાગરીકત્વને રદ કરે છે. એમને પ્રેમ કે લગ્ન કરવા પર પણ પ્રતીબંધ મુકે છે ! એમના પાલ્યોને જાહેર શાળાઓમાં ભણવા દેતા નથી. એમને સરકારી કે અર્ધસરકારી નોકરીમાં લેતા નથી. એમના તરફથી ધર્મની તર્કયુકત ટીકાને પણ ફોજદારી ગુનો ગણે છે, અને દેહાંતદંડ સુધીની સજા કરે છે. દુનીયામાં આ બધા જુલમો પૈકી કોઈને કોઈ જુલમ નાસ્તીકો પર આજે પણ થયા જ કરે છે.

---

દલીતોની મુકતીના પક્ષકારોએ પ્રતીપક્ષરુપે માત્ર હીંદુ ધર્મને જ નહીં, સમગ્ર ભારતીય સમાજસત્તાને રેખાંકીત કરવી પડશે. દલીતોના શોષણમાં હીંદુ ધર્મનું જ નહીં, ઈસલામ, બૌદ્ધ, જૈન, ખ્રીસ્તી અને શીખ ધર્મનું પણ યોગદાન છે. જાતી વ્યવસ્થા આ સમાજસત્તાનું નાભીકેન્દ્ર છે. તેના ઔચીત્ય નીરુપણની વીચારધારા–વર્ણાશ્રમવાદનો સ્ત્રોત ચોક્કસપણે હીંદુ ધર્મ છે, પરંતુ તેનો ઉપયોગ કરવામાં ભારતીય સમાજમાં ન તો કોઈ ધર્મે અચકાટ અનુભવ્યો છે કે ન કોઈ રાજય સત્તાએ.

('અર્થાત્'–જાન્યુઆરી–જુનના અંકમાંથી સાભાર)

---

કોઈ સમુદાય સાથે જોડાવાનો અર્થ છે – પોતાના વ્યકતીત્વથી પુરેપુરા અલગ થઈ જવું.

પેગંબરનો જ ઈતીહાસ જોવાનું કષ્ટ કરી લેવામાં આવે તો જણાશે કે સહાનુભુતી રાખનારાઓ જ નહીં અનુયાયીઓ પણ પેગંબરોને એ જ સમુદાયોમાંથી મળી રહે છે, જેમને તેઓ પડકારે છે. ઈસા મસીહના યહુદી અને રોમન, હજરત મહંમદના આરબો આ વાતનું પ્રમાણ છે.

(આ દ્રષ્ટીએ) ભદ્ર મધ્યમ વર્ગીય લોકોનું માર્કસવાદી બનવું 'સમાજ મનોવીજ્ઞાન'ની દ્રષ્ટીએ ઉચીત છે કે નહીં ? વંશાધારીત ઓળખને શાશ્વત માનનારો વર્ણાશ્રમવાદ જ એવા 'સમાજ મનોવીજ્ઞાન'ની કલ્પના કરી શકે છે કે જેને પોતાની વંશાધારીત ઓળખ સાથે સંઘર્ષ કરનાર વીવેકી માણસ પસંદ પડતો જ નથી. ('અર્થાત્'–જાન્યુ.–જુન–૨૦૧૩ના અંકમાંથી સાભાર)

## વીવેકબુદ્ધીવાદમાં 'વીવેક' એટલે શું ?

રેશનાલીઝમનો પાયો હકીકતો અને તેની સાચી સમજણ છે. એ સમજણ કેળવીને જયારે કોઈ એક વ્યકતીએ કે સમુહે નીર્ણય લેવાના થાય ત્યારે વીવેક વાપરીને નીર્ણય લેવાનું 'વીવેક બુદ્ધીવાદ' સુચવે છે. આ વીવેક એટલે શું ? સામાન્યતઃ સાચા–ખોટાને સમજવું તે વીવેકથી ઓળખાય છે. સાચુ કે ખોટું નકકી કરવામાં દરેક વ્યકતી જો પોતાના માપદંડ અનુસાર તે નકકી કરે તો તો અરાજકતા જ ફેલાય. 'એક વ્યકતી અને સમગ્ર સમાજને માટે સાચું શું અને ખોટું શું ?' એ ધોરણે તે નકકી કરવા જ પડે.

આ સંદર્ભે માનવવાદને જનીત ધોરણો સ્થાપવાનો આગ્રહ થાય છે. એ ધોરણોના કેન્દ્રમાં માનવવાદને જો મુકવામાં આવે તો ભાવાત્મક ભુમીકા પરના 'વીવેક' શબ્દને ચોકકસ સ્વરુપ અને અર્થ આપી શકાય.

યુએનની સામાન્ય સભાએ તા. ૧૦–૧૨–૪૮ના રોજ માનવાધીકારોને જાહેર કર્યા છે. જે આ પ્રમાણે છે :

(૧) દરેક વ્યકતીને જીવવાનો, સ્વતંત્રતાનો અને સલામતીનો અધીકાર છે.

(૨) દરેક વ્યકતીને સર્વત્ર કાનુન સમક્ષ એક વ્યકતી તરીકે માન્યતા મેળવવાનો હક છે.

(૩) બંધારણ કે કાનુનથી વ્યકતીને મળેલા મુળભુત અધીકારોનો જો કોઈ ભંગ કરે તો તેનો રાષ્ટ્રીય સ્તરના સક્ષમ ન્યાયતંત્ર પાસેથી અસરકારક ઉપાય પ્રાપ્ત કરવાનો દરેક વ્યકતીને અધીકાર છે.

(૪) જયાં સુધી પુરવાર નહીં થાય ત્યાં સુધી ફોજદારી ગુનાના આરોપીને તે નીર્દોષ હોવાનો અધીકાર છે, અને મુકાયેલા આરોપ સામે બચાવ કરવા માટે જરુરી અપેક્ષીત ખાતરી મેળવવાનો એનો અધીકાર છે.

(૫) દરેક વ્યકતીને એની અંગતતા, કુટુંબ, ઘર, પત્રવ્યવહારને બાહય દખલમુકત રાખવાનો અધીકાર છે. એની પ્રતીષ્ઠા અને આબરુ હુમલામુકત રાખવાનો અધીકાર છે. આ માટે કાનુની રક્ષણ મેળવવાનો એનો અધીકાર છે.

(૬) દરેક વ્યકતીને હરવા–ફરવાનો અને દેશની સરહદોમાં કોઈપણ સ્થળે રહેવાનો અધીકાર છે. દરેક વ્યકતીએ પોતાનો કે કોઈપણ દેશ છોડી અન્યત્ર જવાનો અને ત્યાંથી પોતાના દેશમાં પરત થવાનો અધીકાર છે.

## સત્યશોધક સભાના સત્યશોધન માટેના પ્રયત્નો

(૧) વ્યારા પુસ્તકાલયમાં સત્યશોધક સભાના સહમંત્રી મધુભાઈ કાકડીયાની ઉપસ્થીતીમાં ''અંધશ્રદ્ધા નીવારણ સમીતી''ની રચનાનો કાર્યક્રમ યોજાયો હતો. સમીતીના પ્રમુખ તરીકે ગણેશ ખેરે, ઉપપ્રમુખ પ્રદીપ ભટ્ટ અને મંત્રી તરીકે સંજયભાઈ ધીમરની નીમણુંક કરવામાં આવી હતી. જેમાં ખુબ મોટી સંખ્યામાં ડૉક્ટરો અને વડીલો ઉપસ્થીત હતા. મધુભાઈએ લોકોને અંધશ્રદ્ધા, ખોટા રીવાજોથી સમાજને થતા નુકસાન વીશે માહીતી આપી તેમ જ ચમત્કારો અને તેની પાછળનાં સત્યો સમજાવ્યા. 'અંધશ્રદ્ધા નીવારણ સમીતી' ને મધુભાઈએ સત્યશોધક સભાના અનુભવો અંધશ્રદ્ધા નીવારણની કામગીરી તેમ જ ઢોંગી સાધુ–બાવા જયોતીષીઓને ખુલ્લા પાડવા વીશેની કામગીરીની માહીતી આપી. સંસ્થાને આ વીશે કામ કરવા માટે બીરદાવી હતી. આવી સંસ્થાઓ જો નાનાં નાનાં કસબા–ગામમાં શરુ થાય તો સત્યશોધક સભાની રેશનાલીઝમ માટેની ઝુંબેશને ખુબ વેગ મળે એમ પણ એમણે જણાવ્યું હતું.

(૨) કેરીયા નાગસમ ગામ પરીવારના સ્નેહમીલનનો કાર્યક્રમ નાનજીભાઈ બોદરની ઉપસ્થીતીમાં યોજાયો હતો. જેમાં સત્યશોધક સભાના સહમંત્રીશ્રી મધુભાઈ કાકડીયા દ્વારા સમાજને અંધશ્રદ્ધાથી મુકત કરવા માટે ચમત્કારો તેમ જ તેની પાછળનું રહસ્ય સમજાવવાનો કાર્યક્રમ રાખવામાં આવેલ, જેમાં ખૂબ મોટી સંખ્યામાં લોકોએ **ચમત્કારો પાછળનાં રહસ્યો** જાણ્યા. મધુભાઈએ અંધશ્રદ્ધા વીશે સમજાવતા જણાવ્યું કે આ રોડની સામેની બાજુ લગભગ ૧૫ થી ૨૦ હજારનો ખર્ચ કરી એક સ્વામીના વાલ્મીકી રામાયણની કથાના આયોજનનું

બોર્ડ મારેલ છે. એકલા સુરતમાં જ ૧૫૦ જેટલા મોટા હોર્ડીંગ્સ મારેલા છે. આટલો અઘધ ખર્ચો ફકત કથાની જાહેરાત માટે ! કથા ખર્ચની તો હજુ વાત જ નથી. આ તમામ ખર્ચાઓ કરતા વધુ કીંમતી કથા સાંભળવા જનાર હજારો લોકોના કીંમતી સમયની બરબાદી ! આ તમામ માથાકુટ બાદ કથાથી પ્રજાના કયા પ્રશ્નો હલ થયા ? ખાલી તાળીઓ પાડવા ભેગા થવું એ તમારી મોટી અંધશ્રદ્ધા છે. આપણે કથા અને જમણવારોના મેળાવડામાં મોટી સંખ્યામાં ભેગા થઈએ છીએ, પણ આપણા જ પ્રશ્નોના ઉકેલવા આપણને રસ નથી. આપણે એમાં સમય વાપરવા તૈયાર નથી. સમાજ માટેના ઉપજાવ કામોમાં આપણને રસ નથી જયાં સુધી સમાજ બીનઉપજાવ અંધશ્રદ્ધાથી ભરેલ કાર્યક્રમોમાં તન–મન અને ધન વેડફતો રહેશે ત્યાં સુધી સમાજ વધુ ને વધુ દુખી તેમ જ બીજા પર આધાર રાખતો બની રહેશે.

(૩) સત્યશોધક સભાના સહમંત્રી મધુભાઈ કાકડીયાના ભાઈ **સવજીભાઈને ત્યાં દીકરા–દીકરીના લગ્ન હતા.** મધુબાઈએ આપેલ સમજણને લીધે પટેલ સમાજમાં ઘર કરી ગએલ અંધશ્રદ્ધાભર્યા રીવાજો જેવા કે મંડપ રોપવો, ચાકડા પુજન, પીઠી, પાટે બેસાડવા તેમ જ ઉકરડી નોતરવી અને ઉઠાડવી જેવા અર્થહીન રીવાજો બંધ રાખ્યા હતા. મધુભાઈના કહેવા મુજબ જો અંધશ્રદ્ધાભર્યા રીવાજો ઘરમાંથી જ બંધ કરવાનું ચાલુ કરીએ તો જ તે સમાજમાંથી નાબુદ થાય.

**(૪) અમરેલીમાં** ઉકાભાઈ નાગજીભાઈ રામાણીની મરણોત્તર ક્રીયાના પાણીઢોળ કાર્યક્રમમાં સત્યશોધક સભાના સહમંત્રી શ્રી મધુભાઈએ અંધશ્રદ્ધાભર્યા રીવાજો અને તેનાથી થતા નુકસાન વીશે લોકોને સમજણ આપી તેમ જ ચમત્કારોનો પર્દાફાશ કાર્યક્રમ રાખેલ.

(૫) અમરેલીમાં દીનેશભાઈ રામાણીને ત્યાં માટલા શાકઉત્સવ કાર્યક્રમમાં મોટી સંખ્યામાં લોકો હાજર હતા. તેમની વચ્ચે સત્યશોધક સભાના સહમંત્રી શ્રી મધુભાઈએ અંધશ્રદ્ધા તેમજ ચમત્કારોના પર્દાફાશ કાર્યક્રમ રાખેલ.

(૬) **ધારીના નબાપરામાં રમેશભાઈ** કાનાણીને ત્યાં અંધશ્રદ્ધા, કુરીવાજો અને ચમત્કાર પર્દાફાસનો સત્યશોધક સભાના સહમંત્રી મધુભાઈનો કાર્યક્રમ યોજાયો હતો. આ કાર્યક્રમ જોઈ રમેશભાઈએ નવા મકાનનું વાસ્તુપુજન કરવાનું નકકી કર્યું હતું તે બંધ રાખ્યું.

(૭) સત્યશોધક સભાના સહમંત્રી મધુભાઈને એક ફરીયાદ મળી. ફરીયાદી હતા બાબુભાઈ સોનાલી. મૂળ મેસણકા જી. ભાવનગરના વતની અને હાલ પુણા સીમાડા ૧૮– લક્ષ્મીબા નગરમાં છે. તેમને બે દીકરા. જેમાં નાનો દીકરો ઉંમર ૨૧ વર્ષનો સતીષ. એને

વળગાડ હતો એવું એ માનતા, અને એના માટે અનેક ભુવા અને કર્મકાંડીઓને મળ્યા હતા, પરંતુ નીવારણ ન આવતા તેમણે મધુભાઈનો સંપર્ક કર્યો. મધુભાઈએ તેમને ઘેર જઈ એક વીધી કરવાનું નકકી કર્યું. એક લોટીમાં ચોખા ભરી એક છરો લોટીમાં ખોસી લોટી અંદરના ભુતને મારવાનો છે એવી વાત કરી. જો ભુત મરી જશે તો લોટી છરા સાથે ઉંચી થઈ જશે. ઉંચી થયેલ લોટી જોઈ સતીષને ભુત મરી ગયાનો આભાસ કરાવવામાં આવ્યો, અને હવે જો ભુત પાછું શરીરમાં પ્રવેશ કરશે અને સતીશ ધુણશે તો હવે સતીષના પેટમાં જ છરો મારવો પડશે એવું કહ્યું. જો શરીરમાં ભુત હશે તો ભુત મરી જશે અને સતીષ ખોટું બોલતો હશે તો સતીષ મરી જશે. સાચે જ સતીષનું ખોટું ભુત ભાગી ગયું. જ્યાં વૈજ્ઞાનીક અને માનસીક રીતે સમજાવી શકાય એમ ના હોય ત્યાં આવી બીલકુલ વૈજ્ઞાનીક સીદ્ધાંતવાળી તરકીબો અજમાવીને કામ ચલાવવું પડે. અલબત્ત સતીષના અને એના કુટુંબીઓની ભલાઈ માટે ઉંચકાયેલી લોટીનું વૈજ્ઞાનીક કારણ દર્શાવવામાં આવ્યું નહોતું.

(૮) **સત્યશોધક સભા, સુરત** પ્રેરીત અંધશ્રદ્ધા સંતુલનના કાર્યક્રમો ગંગાધરા હાઈસ્કુલ, **ગંગાધરા** ડી. બી. હાઈસ્કુલ, **પલસાણા,** કરચેલીયા હાઈસ્કુલ, **કરચેલીયા** તથા **વાંસદા** મુકામે યોજવામાં આવ્યા હતા. જેમાં મંત્રશકતી દ્વારા અગ્ની, કંકુ, ભસ્મ કાઢવું, એકના ડબલ કરવા, વગેરે પ્રયોગોનું નિદર્શન સત્યશોધક સભાના સહમંત્રી શ્રી ગુણવંતભાઈ ચૌધરી તથા અરૂણાબહેન ચૌધરીએ કર્યું હતું. આ દરેક શાળામાં આશરે ૫૦૦ પ્રમાણે ૨૦૦૦ નાગરીકોએ લાભ લીધો છે.નીકુંજભાઈ દેસાઈ તથા કીરીટભાઈએ ઉત્સાહપુર્વક ભાગ લઈ વાંસદા મુકામના કાર્યક્રમનું આયોજન કર્યું હતું.

(૯) **ઘાટકોપર કચ્છ, કડવા પાટીદાર સનાતન સમાજ, મુંબઈ** દ્વારા આયોજીત સત્યશોધક સભાના વહેમ અંધશ્રદ્ધા, અજ્ઞાનના કુરીવાજોનું ખંડન કરતો પ્રભાવશાળી કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. આ કાર્યક્રમની મુખ્ય ભુમીકામાં શ્રી ખીમજી કચ્છી, સત્યશોધક સભાના મંત્રીશ્રી સીદ્ધાર્થભાઈ દેગામી અને કાર્યકર શ્રી પવાનભાઈ પોકારે અલગ અલગ ચમત્કારોનું નીદર્શન કરાવી સમાજની સાથે જોડાયેલા ખોટા વહેમો અને કુરીવાજોનું મંથન બહાર પાડવા માટે આહવાન કર્યું હતું. આ કાર્યક્રમમાં પ્રમુખ શ્રી હરીભાઈ ગંગદાસજી પારસીયા, મહીલા મંડળના પ્રમુખશ્રી દીપીકાબહેન જયંતીલાલ વેલાણીએ, આગવી ભુમીકા ભજવી હતી. આ કાર્યક્રમનું સ્વાગત પ્રવચન મહેશભાઈ પટેલ, આભાર દર્શન પ્રકાશભાઈ હરીભાઈ માવાણીએ કર્યું હતું. કાર્યક્રમનું સંચાલન નરસીહભાઈ શામજીભાઈ પટેલે કર્યું હતું.

આ કાર્યક્રમની ફળશ્રુતી એ હતી કે ત્યાંના જાગૃત નાગરીકો પૈકી લીલાબહેન પ્રભુલાલ પટેલ, હેમલતાબહેન રતીલાલ પારસીયા, ગીતાબહેન પટેલ છે. મનીષભાઈ પટેલે આ કાર્યક્રમમાં સહભાગી થઈ પ્રશ્નોત્તરી કરી. આ કાર્યક્રમને વધુ અસરકારક બનાવવા યોગદાન આપ્યું હતું. કચ્છ કડવા પાટીદાર સમાજના ઘાટકોપર (મુંબઈ વીસ્તારના) આશરે ૧૫૦૦ જેટલા નાગરીકોએ આ કાર્યક્રમનો લાભ લીધો હતો.

સત્યશોધક સભાના સભ્યોનું પ્રેમભર્યું સ્વાગત થાણાનીવાસી શ્રી કીરણભાઈ દેવાણી અને તેમના પરીવારે કર્યું હતું.

## વાચકોના મીતભાષી અભીપ્રાયો

**રાજેન્દ્ર કર્ણીક, સુરત :** જાગૃતીના અભાવને રેશનાલીઝમ સાથે સંબંધ ખરો ? આમ તો આ પ્રશ્નનો ઉત્તર 'હા' જ આવે. આ 'હા' નો જે ઉત્તર આવે છે તે ધર્મ અને વીજ્ઞાનને કે શ્રદ્ધા અને અંધશ્રદ્ધા સાથે સંકળાયેલો હોય છે. આ પરીબળો સામેની જાગૃતીને આ જવાબ લાગુ પડે, પરંતુ કોઈ વ્યકતી, કોઈ ભ્રષ્ટાચાર કે કોઈ અન્યાય સામે કે કોઈ બીલ વગરની ચુકવણી સામે કે પોલીસની કામગીરી સામે સતત જાગૃત રહેતી હોય તો શું તે વીજ્ઞાનપ્રેમી જ હોઈ શકે ? ધાર્મીક વ્યકતી શું એવી ગેરરીતીઓ સામે હોઈ નહીં શકે ? ધાર્મીક વ્યકતી શું બધા જ અન્યાય, ભ્રષ્ટાચાર, શીતમ સહન કરતી હશે ? અને જો એ વ્યકતી આમાંથી બહાર આવી જાગ્રતી દાખવતી થઈ જાય તો તેને વૈજ્ઞાનીકતા કેળવેલી કહેવાય ? આ બધા પ્રશ્નો ફકત 'સત્યાન્વેષણ' દ્વારા જ પ્રજાને પુછવાના કારણ પાછળ ટીકાનો કે કોઈને ઓછા આંકવાનો નથી. આ પુછવાનું કારણ બન્યુ તા. ૧૭મી જાન્યુ.એ સાંજે સુરતના શ્રી સુર્યકાન્ત શાહના ૭૫મા વર્ષમાં પ્રવેશની ઉજવણીના એક ભાગ રુપે. પ્રા. નરેન્દ્ર નાયકના ઉદ્‌બોધન પુર્વે શ્રી સીદ્ધાર્થ દેગામીએ પ્રા. શ્રી નાયકનો પરીચય આપ્યો ત્યારે એવું લાગેલું કે આમને સાંભળવાનો લહાવો મળશે. શ્રી રમણભાઈ પાઠક કરતા પણ વધુ જ્ઞાન આપશે, પરંતુ જયારે એમને સાંભળ્યા ત્યારે તો એવું લાગ્યું કે 'શીક્ષીતોની અવૈજ્ઞાનીકતા' વીષય પર તો તેઓશ્રી એક શબ્દ પણ બોલ્યા નહીં ! અને ગેરરીતીઓ સામે જાગૃત રહેનાર નાસ્તીક જ હોય એવું મંતવ્ય પ્રગટ કર્યું ! એ વીષય પર તો સત્યશોધક સભાના સામાન્ય કાર્યકર પણ વીષયાંતર કર્યા સીવાય શ્રોતાઓને કન્વીન્સ કરવામાં અનેક ઘણા પાવરધા છે.

વળી એક પ્રતીતી તો ચોકકસ જ થઈ કે રેશનાલીઝમના વીષયને શ્રી રમણભાઈ પાઠકે જેટલો પચાવ્યો છે અને 'ગુજરાતમીત્ર' જેવા અખબારે એમને એક કોલમ આપીને સમાજને દીશા સુચન કરવામાં જે ફાળો આપ્યો છે અને એના ઉંડાણમાં અને એની તાર્કીકતામા શ્રી રમણભાઈ, શ્રી બાબુભાઈ દેસાઈ , શ્રી સુર્યકાન્ત શાહ અને વડીલશ્રી બી. એ. પરીખ, આ બધાએ જે પ્રાપ્ત કર્યું છે, અને જે રીતે થોડા થોડા વખતને અંતરે આ ટીમ અને તેમના કાર્યકરો શ્રી સીદ્ધાર્થ દેગામી, શ્રી વીજય ભગત, શ્રી પ્રેમ સુમેસરા સમાજ સમક્ષ જે જે કાર્યક્રમો મુકે છે તે તાર્કીક હોય છે અને સીધે સીધું અનુમાન થઈ શકે છે કે સેકન્ડ કેડર પણ હવે તૈયાર થઈ ગઈ છે. અહીં આમાંથી કોઈની પણ કે બધાની પ્રશંસા કરવાનો કોઈ ઈરાદો નથી. હું ધાર્મીક છું. પણ સારું અને સાચું લાગે તો સ્વીકારવાની ટેવ પણ છે માટે આ લખ્યું છે. સત્યશોધક સભા મોટે ભાગે આવા બધા કાર્યક્રમો ગુજરાતીમાં જ આપે છે. એટલે રાષ્ટ્રીય સ્તર પર આપણે હીન્દી કે અંગ્રેજીમાં બોલનારથી અંજાઈ જઈએ છીએ, અને ન જોઈતું મહત્વ આપીએ છીએ. ધાર્મીક છું એટલે જો કોઈની લાગણી દુભાઈ હોય તો મીચ્છામી દુક્કડમ્ !

ધીરુભાઈ મીસ્ત્રી, વડોદરા : ભગવાનને ઠંડી ના લાગે તે માટે વડોદરામાં એક મંદીરમાં ભગવાનની મુર્તી સામે ચાંદીની સગડીમાં અગ્ની પેટાવ્યો. (દીવ્ય ભાસ્કરના સમાચાર) શેરડીના સાઈબાબાની મુર્તીને ઠંડી ના લાગે તે માટે વડોદરાના ભકતોએ મુર્તીને ધાબળા અને ચાદરો ઓઢાડી (ફોટા સાથેના સમાચાર) શહેરની ફુટપાથ ઉપર એક શ્રમીકનું ઠંડીને કારણે અવસાન ! (સમાચાર) બીજી બાજુ ઠંડીને કારણે ઘણા લોકોના, ખાસ કરીને ગરીબોનાં મૃત્યું થયાના સમાચાર આપણે મળતા રહે છે. સવાલ એ થાય છે કે ભગવાન આગળ તાપણું કરવાના અને મુર્તી પર ધાબળા ઓઢાડવાના સમાચાર ઉપર સૌનું ધ્યાન જાય છે, જયારે ફુટપાથ ઉપર શ્રમીકનું અવસાન થાય ત્યારે લોકોના મોઢામાંથી એક સંવાદ સંભળાય છે : 'ગયા જનમમાં પાપ કર્યાં હશે.' આથી સવાલ થાય કે ભગવાને શું ગુન્હો કર્યો હશે કે તેમને ઠંડી લાગે ?

## રેશનલ ચળવળ

**(૧) વ્યારામાં અંધશ્રદ્ધા નીવારણ સમીતી :** 'સત્યશોધક સભાના સત્ય શોધન માટેના પ્રયત્નો' હેઠળ જણાવ્યાનુસાર સભાના સહમંત્રી મધુભાઈ કાકડીયાની ઉપસ્થીતીમાં આ સમીતીની રચના પ્રસંગે વ્યારા ઉપરાંત આજુબાજુના ગામોના અગ્રણીઓ, યુવાનો અને બહેનો પણ હાજર રહયા હતા. સમીતીના વરાયેલા પ્રમુખ ડૉ. ગણેશ ખેરેએ નીઝર તાલુકાની એકલવ્ય વીદ્યાલયની પોતાની મુલાકાતનું વર્ણન કરતા જણાવ્યું હતું કે આદીવાસી વીદ્યાર્થીઓને

પણ ચમત્કારો પાછળની હાથચાલાકી અને કામ કરતા કોઈક વૈજ્ઞાનીક સીદ્ધાંત સમજાવીએ તો તેઓ પણ ફરેબીઓની જાળમાં ફસાય નહીં. આ સમીતીની વાર્ષીક સભ્ય ફી રૂ. ૫૦ રાખવામાં આવી છે. એ સભામાં સત્યશોધક સભામાં સાહીત્યનું વેચાણ પણ થયું હતું.

(૨) ઉત્તમભાઈ અને મીત્રોનું સન્ડે–ઈ–મહેફીલ : ઈન્ટરનેટના ખાં ઉત્તમભાઈ અને એમના સાથીદારો સ્વ. રતીલાલ ચાંદરીયા, બળવંતભાઈ પટેલ અને અશોક કરણીયા નેટ ઉપર દર અઠવાડીયે સન્ડે–ઈ–મહેફીલ જમાવે છે. આ મહેફીલોમાંથી એમણે ૨૭૫ સાહીત્યીક કૃતીઓ પસંદ કરી છે. એની ઈ–બુક્સ બનાવી છે. 'સત્યાન્વેષણ'ના વાચકોને તે http//www.gujaratilexicon.com/e-books/ વાંચવાનું આમંત્રણ છે. એ વાંચવામાં જો તકલીફ પડે તો uttamgajjar@gmail.com પર સંપર્ક કરવો. ઉત્તમભાઈ તમારી તકલીફ દુર કરી દેશે.

## એલોપથીના વીજ્ઞાનને દુષીત કરનારાને ઓળખો

વીજ્ઞાન અને વૈજ્ઞાનીક પદ્ધતીએ એલોપથી દર્દીની સુશ્રુતા અને આમજનતાની આરોગ્યની જાળવણી કરે છે. એલોપથી જ અસરકારક અને પરીણામો લાવતી સુશ્રુષા પદ્ધતી છે. આથી જ તેના ડૉકટર બનવા જુવાનીયાઓ લાખો રુપીયા ખર્ચવા અને જીંદગીના કીંમતી પાંચ–છ વર્ષ આપી દેવા તૈયાર થાય છે. એકબાજુ વૈકલ્પીક સુશ્રુષાવાળા અસત્ય, સંદીગ્ધતા અને અતીશયતાનો આશ્રય લઈને દર્દીઓને ગુમરાહ કરે છે, એમને નુકસાન કરે છે, અને વધારે માંદા રાખીને મારી નાંખે છે, પણ છેવટે તો એ દર્દીઓએ એલોપથીના ડૉકટરનો આશ્રય લેવો પડે છે. આથી જ દર્દીઓને મન ડોકટર છેવટનો તરણોપાય છે. આ પ્રમાણેની પરીસ્થીતી હોય ત્યારે એલોપથી સાથે સંકળાયેલા સૌની જવાબદારી ખુબ વધી જાય છે. આપણા દેશમાં આ જવાબદારીની સભાનતા ઘણી ઓછી દેખાય છે. પરીણામ એ આવે છે કે એલોપથીની વૈજ્ઞાનીકતા સંપુર્ણ હોવા છતાં તે બદનામ થાય છે. વૈકલ્પીક સુશ્રુષાવાળા બરાબર સમજે છે કે એલોપથી નહીં, પરંતુ એલોપથી સાથે સંકળાયેલાઓને કારણે તેને બદનામ કરી શકાય તેમ છે અને તેઓ બદનામ કરે છે. આ જોખમ પરત્વે પણ એલોપથી સાથે સંકળાયેલાઓએ જાગૃત રહેવું જોઈએ.

આ સંદર્ભે એલોપથીની સંસ્થાઓ સભાન છે. આથી એમના જ સામાયીકોમાં આ અંગે ચર્ચા થાય છે. નવી દીલ્હીના, મેડીકલ સ્પેશીયાલીસ્ટ, તરફથી પ્રસીદ્ધ થતાં 'મન્થલી

ઈન્ડેક્ષ (MINS)' ના માર્ચ–૨૦૧૨ના અંકમાં આ અંગે ખુબ ગંભીર કહી શકાય તેવી એક અપ્રમાણીક કાર્યવાહીને પ્રકાશમાં મુકવામાં આવી છે.

એલોપથીમાં દરેક દવાને દર્દીઓ સુધી પહોંચાડવા માટે પુરતી ચકાસણી કરવામાં આવે છે. આ માટે ડ્રગ્સ કન્ટ્રોલર જનરલ ઈન્ડીયાની નીમણુંક થઈ છે. આ અધીકારી કોઈ પણ નવી દવા બજારમાં મુકાય તે પહેલા દવાના નીષ્ણાતોનો, એનો ઉપયોગ દર્દીઓ માટે સલામત રહેશે કે કેમ તેનો અભીપ્રાય માંગે છે. આ નીષ્ણાતોનો અભીપ્રાય મળ્યા પછી પણ એલોપથીક દવાઓ બજારમાં આવતી નથી. દવા બનાવનારી કંપનીએ એની દવાનો પ્રયોગ નકકી કરેલી–સો–બસો હજાર વ્યકતીઓ પર કરવાનો હોય છે. એ પ્રયોગમાં પુરવાર થાય કે દવા સલામત છે તો જ બજારમાં મુકાય, અને ડોકટરો તેને પ્રીસ્ક્રીપશનમાં લખી શકે.

ભારતમાં દવા મંજુરી, પ્રયોગ અને બજારમાં મુકવાની આ વીધી દરમીયાન ભ્રષ્ટાચાર થાય છે કે કેમ તે તપાસવા અમેરીકાની સચાચાર ચેનલ એનબીસીએ એના ખુબ લોકપ્રીય ડેટલાઈન કાર્યક્રમ હેઠળ એક બનાવટી કંપની કાઈનેટીકસ બનાવી. એનબીસીએ એવી યોજના બનાવી કે ભારત સહીત આખી દુનીયામાં ૨૦૦૪માં પ્રતીબંધીત રોફેકોશીલ નામની દવાની મંજુરી અને પ્રયોગ માટે ભારતમાં પરવાનગી મળે છે કે કેમ તે જાણવું. આ દવા લેવાથી હૃદયરોગના હુમલા થતા જેથી દર્દી મરી પણ જતા હતા.

આ દવાને એમકે –૦૯૬૬ નામ આપવામાં આવ્યું. હવે ભારતમાં દવા મંજુરી, પ્રયોગ અને બજારમાં મુકવા સુધીનું કામ કરવા માટે બે સંસ્થાઓ છે. એક અમદાવાદની લમડા થેરોપોટીકસ રીસર્ચ અને બીજા હૈદ્રાબાદની સીંક્રોન રીસર્ચ સર્વીસીઝ.

હૈદ્રાબાદની સંસ્થાના વરસીય મુર્થીએ એનબીસીના અધીકારીને જણાવ્યું કે બજારમાં દવા મુકાય ત્યાં સુધીનું એ પેકેજ કરવા તૈયાર છે. એ જ પ્રમાણે અમદાવાદની સંસ્થાએ પણ તૈયારી બતાવી. બન્નેએ દાવો કર્યો કે દવા–નીષ્ણાતો, સરકારી ઓફીસ, ડોકટરો અને પ્રયોગ માટે ઉંદર જેવા દર્દીઓ બધા જ એમના ખીસ્સામાં છે ! આ માટે હૈદ્રાબાદની સંસ્થાએ પાંચ કરોડ રૂપીયા અને અમદાવાદની સંસ્થાએ ચાર કરોડ માંગ્યા. એ રૂપીયા આપી દેતા દવા નીષ્ણાતનો અહેવાલ મળી ગયો કે એ દવાનો નકકી કરેલ સંખ્યાના માણસો પર પ્રયોગ કરી શકાશે અને બજારમાં મુકી શકાશે ! આ અહેવાલ આવી ગયા બાદ એનબીસીના અધીકારીઓએ સ્વયંભુ જણાવ્યું કે એમની દવા અસલમાં રોફેકોશીલ છે તેથી માણસો પર પ્રયોગો કરવાનું જોખમી થશે. એનબીસીના એ અધીકારીનું દોઢડહાપણ આ કંપનીના માણસોએ હસી કાઢયું

અને કહયું કે જો કંપની વઘારાના પાંચથી દશ હજાર ડોલર ખર્ચશે તો ખૂબ જાણીતા એવા દવા—નીષ્ણાતનો અનુકુળ અભીપ્રાય મેળવી શકાશે જે એનબીસી કંપની ડ્રગ્સ કન્ટ્રોલરને આપશે તો તેઓ બજારમાં એ દવા લઈને ઘુસી શકશે ! એનબીસીને ભારતના આ ભ્રષ્ટાચારના પુરતા પુરાવા મળી ગયા તેથી એણે આ વાત અહીં અટકાવી. એના પર આઘાર રાખીને ભ્રષ્ટાચારને એના ડેટલાઈન કાર્યક્રમમાં બતાવ્યો. એલોપથીની વીજ્ઞાનતાને કામ કરવા દેવી હોય તો આ પ્રકારના ભ્રષ્ટાચાર અટકવા જ જોઈએ.

## પોપ ફ્રાંસીસે હવે કસોટીમાંથી પાર ઉતરવાનું છે

ઈન્ટરનેટને જ ગોડ કહેનાર અને નાસ્તીકોને પણ માન્યતા આપનાર પોપ ફ્રાંસીસ અત્યાર સુઘી ઉદારરીહીત અને આઘુનીક દેખાય છે. એમના પાદરીઓ તરફથી બાળકો સાથે થતાં દુષ્કર્મો અંગે હવે એમની કસોટી થનાર છે. વીશ્વના અને યુએનના ઈતીહાસમાં પહેલીવાર એવું બન્યું છે કે જેમાં યુએનની કોઈ સમીતીએ કોઈ ઘર્મ અને સંપ્રદાયના ઘાર્મીક આગેવાનોને (પાદરીઓને) જાતીય સ્ખલનની બાબતમાં ખુલ્લા પાડયા હોય. ‘બાળકોના હકો’ની યુએન સમીતીએ પોપને સ્પષ્ટ શબ્દોમાં જણાવ્યું છે કે એમના પાદરીઓ બાળકો સાથે દુષ્કર્મો કરે છે. ભુતકાળમાં પણ કરતા હતા. એવા પાદરીઓને પોપ બચાવે છે. દુષ્કૃત્યો ખુલ્લાં પડે નહીં અને પોલીસમાં તેના અહેવાલ જાય નહીં તે માટે ઢાંકપીછેડા કરે છે. આ કારનામા બંઘ કરવાનું, અને તેવા પાદરીઓને પોલીસને હવાલે કરવાનું આ સમીતીએ જણાવ્યું છે. એવા પાદરીઓને તુર્તાતુર્ત પાદરીપદેથી પાણીચુ પકડવાનું જણાવાયું છે. પોપ ફ્રાંસીસે એમની પ્રગતીશીલતાને જાળવી રાખીને પ્રતીભાવ આપ્યો છે કે તે બાળકોના હકોના રક્ષણ માટે પ્રતીબદ્ધ છે. યુએન સમીતીના અહેવાલનો ઉંડો અભ્યાસ કરવામાં આવશે. ફ્રાંસીસે આ જે કહયું છે તે આવકાર્ય છે, પરંતુ હવે એમણે આગળ વઘવાનું છે. એમની ખરી કસોટી ત્યારે થશે કે જયારે તેવા લંપટ પાદરીઓનું પદ તે ઝૂંટવી લેશે અને સંબંઘીત દેશોની પોલીસને એ પાદરીઓ હવાલે કરશે. પીડીત બાળકો અને એમના વાલીઓને સંતોષકારક વળતર આપશે. આશા રાખીએ કે આ ના—આસ્તીક પોપ એમના નીર્ણયો અને વર્તનમાં રેશનલ રહેશે.

# વીચારનું તત્વ : ભુમીકા અને પ્રવર્તમાન

**–રોહીત શુકલ**

કોલેજમાં તર્કશાસ્ત્રના નીગમન અને વ્યાપ્તી એવા બે ભેદ ભણાવવામાં આવે છે. નીગમન પદ્ધતી નીરીક્ષણો અને બુદ્ધીગમ્ય તારણોના આધારે વૈજ્ઞાનીક તથ્યો રજુ કરવામાં ખુબ ઉપયોગી છે. ગ્રહણની આગાહીનો દાખલો લઈએ તો સમજાશે કે સુર્ય અને ચંદ્રના ગ્રહણ શા માટે થાય છે, ખગ્રાસ, ખંડગ્રાસ કે કંકણાવૃત્તી ગ્રહણ શું છે તે કયા સમયે, કયા સ્થળેથી દેખાશે વગેરે તમામ વીગતો વૈજ્ઞાનીક વીચારની મદદથી તારવી શકાય છે. વીજ્ઞાન દ્વારા બનેલા બનાવોને સમજી શકાય છે. વળી કોઈ પણ બાબત તથ્યપુર્ણ શા માટે ન હોઈ શકે અથવા રજુ કરવામાં આવતાં તથ્યોમાં શંકાના કારણો કયા છે તેની પણ ખબર વીજ્ઞાનના આધારે સાંપડી શકે છે. તર્કની ઢબ વૈજ્ઞાનીક છે, પરંતુ નીગમન ઉપરથી વ્યાપ્તી તરફ સરકવામાં વીચારના એક વીશેષ તત્વની જરૂર રહે જ છે, થોડાંક ઉદાહરણો લઈએ.

એક ખુબ જાણીતી કથા છે તે મુજબ આદી ગુજરાત રાજયની સ્થાપના થઈ તે અરસામાં એક જોષીએ ઘડી, મહુરત, પળની પાકી ગણતરી કરીને રાજા પાસે ખાતમુરહતનો ઘીલો ખોડાવ્યો. તે પછી તે જોશીએ કહયું કે આ ખીલો બરાબર શેષનાગના માથે મંડાયો હોવાથી આ રાજય અમર બની જશે. રાજાને આ વાત કંઈક યોગ્ય ન લાગી. તેણે ખીલો પાછો ખેંચીને જોવા કર્યુ પણ જેવો ખીલો પાછો ખેંચ્યો તેવો લોહીનો ફુવારો ઊડયો. રાજાએ તરત ખીલો પાછો ખોંસી દીધો પણ જોશીએ કહયું કે હવે તે ઘડી-પળ વીતી ગયા. આથી રાજય અમર રહેશે નહીં.

આ વાર્તા ઉપરથી આપણી વીચારપ્રક્રીયા ઉપર કેવી અસર પડે ? દેશભરમાં જયોતીષની અદ્‌ભુત બોલબાલા છે.બીજું ઉદાહરણ લઈએ. આયુર્વેદને પાંચમો વેદ કહેવાય છે. તેની ખ્યાતી અને વજુદ પાછળ ધન્વંતરી, ચરક, સુશ્રુત વગેરેની અનેક ગાથાઓ જોડાયેલી છે. શીયાળાની ઋતુમાં ચ્યવન ઋષીનો બનાવેલો અવલેહ-ચ્યવનપ્રાસાવલેહ ચાટવાથી વૃદ્ધપણ યુવાન થઈ જાય છે તેવી કથા છે. આટલો મોટો દાવો સાચો હોઈ જ ન શકે. ટી. વી. ની જાહેરાતમાં સોના અને ચાંદીવાળા ચ્યવનપ્રાસાવલેહની જાહેરાત કરનાર ફીલ્મી  હીરો ઘરડો થવા માંડયો છે. જો આ ચાટણનો આટલો મોટો પ્રભાવ હોત તો સચીન તેંડુલકરે ચાળીસ વર્ષની વયે નીવૃત્તી લેવી પડી ન હોત.

**(‘અભીદષ્ટી’–નવે.–૧૩ના અંકમાંથી સાભાર. વધુ આવતા અંકે)**




**Posted under RNI, Delhi, Regd. No. GUJ GUJ/2009/30348**
**Posted under Registration License No. SRT-716/2013-2015**
**PUBLISHED, OWNED AND EDITED BY**
**Shree Babubhai Dhirajlal Desai**

**PRINTED BY :**
**Shree Suryakant Sobhagchand Shah at**
**Agrawal Trust, Rangildas Mehta's Street, Nr. Gopipura P. O.,**
**Surat. (Gujarat), Published at, 3, Abhinav Park, Sarela Wadi,**
**Ghod Dod Road, Surat-395001. (Guj.)**